CC0. In Public Domain, Digitizagtion by eGangotri

5-5

જીવન ભાથું

વિમલા ઠકાર

સંગ્રાહક

કલ્યાણભાઈ ત્રિકમલાલ

૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જી વ ન ભા થું

વિમલા ઠકાર

સંગ્રાહક

કલ્યાણભાઈ ત્રિકમલાલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

ઈ. સ. ૧૯૬૨ થી ૧૯૭૧ સુધી શ્રી વિમળાબહેને અમારાં કુટુંબીજનો તેમ જ કેટલાક મિત્રો ઉપર જે પત્રો લખ્યા તેમાંથી અંતરસાધનાને સ્પર્શતા ભાગો આ પુસ્તકમાં મૂળ પાઠ અને અનુવાદ સાથે આપવામાં આવ્યા છે.

પ્રગટ કરવાની ભાવનાથી આ પત્રો લખાયા નહોતા પરંતુ પત્રોના સત્ત્વ, એની બિનઅંગતતા અને સમગ્ર જીવન સાથે એનો સંદર્ભ જોતાં જો એ પ્રગટ થાય તો અમારી જેમ બીજા સ્નેહીજનોની સાધનામાં લાભદાયક નીવડે એમ ધારીને આ પત્રોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવાનું ઉચિત ધાર્યું છે.

વિમળાબહેનની વાણી ભલે એક વ્યક્તિને સંબોધાતી હોય પણ તેમાંનાં સ્નેહ, સમગ્રતા, સર્વાંગીપણું અને સંવાહિતા એટલાં સચોટ અને સજીવન હોય છે કે જાણે એ સર્વકોઈના માટે કહેવાયાં હોય. વિમળાબહેનની વાણીની એ વિશેષતા છે એટલું જ નહિ પણ એની સાર્થકતા પણ છે. સર્વ મિત્રોની સાથે વહેંચી લેવું એવા ભાવથી આ પત્રો પ્રસિદ્ધ કર્યાં છે. એના વાચનથી અને સમજણથી આત્મકલ્યાણની જિજ્ઞાસા સર્વમાં ઊઘડો.

૧૯, ન્યૂ બ્રહ્મક્ષત્રિય સોસાયટી,
એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
તા. ૧૯-૧૨-૭૪

કલ્યાણભાઈ ત્રિકમલાલ

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૫

પ્રકાશક : કલ્યાણભાઈ ત્રિકમલાલ માટે ભાઈદાસ પરીખ, બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧

મુદ્રક : મણિભાઈ પુ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ ૩૮૦૦૦૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનભાથું

વિમલા ઠકાર

સંગ્રાહક

કલ્યાણભાઈ ત્રિકમલાલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[१]

ता. २२-१२-६२

कुशल कर्म की साधना योगसाधना ही समझो। कुशलता आती है सावधानतामेंसे। और जो अखंड जाग्रत है, वह सावधान रह सकता है। अखंड जागृत्ति आती है, अपने मन की माया समझने में। मन की सब इच्छाओं का अर्थ और महत्त्व समझना यही माया समझना है।

यही अध्यात्म है। पत्नी के नाते पति को समझ लेना और साथ देना। सिर्फ असत्य, अधर्म और अन्याय में साथ नहीं देना – यह पत्नी का धर्म है। बालकोंको समझकर उनके विकासमें मदद देना यह माता का धर्म है। अपनी मनोभावना, कमजोरियां और क्रोधादि की छाया बालक पर पडने नहीं देना यह माता का धर्म है।

(કુશળ કર્મની સાધના યોગસાધના જ સમજો. કુશળતા આવે છે સાવધાનીમાંથી. અને જે અખંડ જાગૃત છે એ સાવધાન રહી શકે છે. અખંડ જાગૃતિ આવે છે પોતાનાં મનની માયાને સમજવામાં. મનની સર્વ ઇચ્છાઓનો અર્થ અને મહત્ત્વ સમજવાં તે માયાને સમજવું છે.

આ જ અધ્યાત્મ છે. પત્નીના સંબંધે પતિને સમજી લેવો અને સાથ આપવો. કેવળ અસત્ય, અધર્મ અને અન્યાયમાં સાથ ન આપવો – એ પત્નીનો ધર્મ છે. બાળકોને સમજીને એના વિકાસમાં મદદ આપવી, એ માતાનો ધર્મ છે. પોતાની મનોભાવના, કમજોરીઓ અને ક્રોધની છાયા બાળક પર પડવા દેવી નહિ તે માતાનો ધર્મ છે. તા. ૨૨–૧૨–૬૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२]

१५-७-६३

मेरा समय कीमती नहीं है, न कोई उस का दुरुपयोग कर सकता है।

जीवन में सबसे कीमती है मानव और सबसे सुंदर है मनुष्य का स्नेह।

'लागणी' यह शब्द का विषय तो है नहीं, शब्दभंडार होता तो भी आप यह व्यक्त नहीं कर पाती। 'लागणी' तो अनुभव करनेकी चीज़ है। अुसका सारा मज़ा मौन अनुभूति में है।

(મારો સમય કીમતી નથી. એનો કોઈ દુરુપયોગ કરી શકતું નથી. જીવનમાં સૌથી મૂલ્યવાન છે મનુષ્ય, અને સૌથી સુંદર છે મનુષ્યનો સ્નેહ.

'લાગણી' એ શબ્દનો તો વિષય નથી. શબ્દભંડાર હોત તો પણ તું વ્યક્ત કરી શકત નહિ. લાગણી તો અનુભવ કરવાની વસ્તુ છે. એની સારીયે મજા મૌન અનુભૂતિમાં છે. તા. ૧૫-૭-૬૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

30-8-63

"Seek not and reject not" is the essencc of renunciation.

Now, your friend says, "If we do not seek, there will be no progress." In the realm of spirituality, progress is unwarranted. There is no scope for progress, because Reality is beyond time One has to understand the facts of life. Understanding is direct. When you see a flower, you simply see it. You see directly without the intervention of the mind. Time also is not involved in seeing. In the same way understanding does not involve time or mind. Once we understand life, all problems get dissolved.

("ઝંખના નહિ અને અસ્વીકાર નહિ," એ ત્યાગનું સત્ત્વ છે. હવે તમારા મિત્ર કહે છે, "અમે કાંઈ પ્રયત્ન ના કરીએ તો પ્રગતિ નહિ થાય." આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ અસ્થાને છે. તેમાં પ્રગતિને અવકાશ નથી, કારણ કે સત્ય સમયાતીત છે. જીવનનાં તથ્યોને વ્યક્તિએ સમજવાં પડશે. સમજ સીધી હોય છે. જ્યારે તમે પુષ્પને જુઓ ત્યારે કેવળ તેને જુઓ જ. મનના અવરોધો સિવાય તેને સીધું જુઓ જ. જોવામાં સમય સંડોવાતો નથી. એ જ રીતે સમજમાં પણ સમય અથવા મન સંડોવાતાં નથી. જીવનને આપણે એક વખત સમજી લઈએ તો બધી સમસ્યાઓનો અંત આવી જાય છે. તા. ૩૦-૮-૬૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪]

25-1-64

Hope you are ready for a new life. It is vitally necessary to have a beautifully healthy physical body, sharply alert reason and silently strong mind.

Spiritual life is for strong and healthy minds. Weaklings cannot meditate, nor can they enter the kingdom of Bliss and Peace.

(હું આશા સેવું છું કે તમે નવા જીવન માટે તૈયાર છો. સુંદર સ્વસ્થ તન, ચપળ સજાગ વિવેકશક્તિ અને પ્રશાંત દૃઢ મન હોવું એ અતિ મહત્ત્વનું છે.

આધ્યાત્મિક જીવન દૃઢ અને તંદુરસ્ત મનવાળા માટે છે. નબળાઓ ધ્યાન કરી શકશે નહિ, અને તેઓ આનંદ અને શાંતિના સામ્રાજ્યમાં પ્રવેશી શકશે નહિ. તા. ૨૫-૧-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫]

20-2-64

Strength that loves to smile through difficult situations, strength that loves to smile at those who oppose you, strength that loves to forgive and forget the faults and mistakes of others.

I have entrusted MY life to the LIFE UNIVERSAL. It is quite safe in the hands of 'LIFE'. Life shall direct and regulate this humble person. So please have trust in life. I am aware of the risk involved. But let me assure you that Death is no risk for those who see Life and Death as but one. If I am to depart from the stage, let me depart in my way of consecration.

(વિકટ સંજોગોમાં પણ જે પ્રેમથી સ્મિત વેરી શકે છે, તે શક્તિ; વિરોધીઓ પ્રત્યે પણ જે પ્રેમથી સ્મિત વેરી શકે છે, તે શક્તિ; બીજાના દોષો અને ભૂલોને જે પ્રેમથી ભૂલીને ક્ષમા આપી શકે છે, તે શક્તિ.

મેં તો મારું જીવન વિશ્વજીવનને સોંપ્યું છે. વિશ્વજીવનના હાથમાં એ સલામત છે. "જીવન" આ વિનમ્ર વ્યક્તિનું સંચાલન કરશે અને તેને દોરવણી આપશે. એટલે જીવનમાં શ્રદ્ધા રાખો એમાં સમાયેલું જોખમ મારા ધ્યાનમાં છે. જે જીવન અને મૃત્યુ એક જ છે એમ જાણે છે તેના માટે મૃત્યુ કોઈ જોખમ નથી, એ હું તમને ખાતરીથી કહું છું. જગતની રંગભૂમિ પરથી મારે જો વિદાય લેવાની હોય તો મને મારી રીતે જીવનને શરણે જવા દો. તા. ૨૦-૨-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[६]

1-4-64

The more you dive deep into the ocean of silence, the more you become capable of experiencing the subtle most beauties of life. I do hope you would make it a point to snatch at east an hour daily to dive into the depths of your heart.

(તમે જેમ જેમ મૌનના સાગરમાં ઊંડા ઊતરતા જશો તેમ તેમ જીવનના સૂક્ષ્મતમ સૌંદર્યની અનુભૂતિ માટે વધુ શક્તિમાન થશો. હું એટલી તો આશા સેવું છું કે, તમે દરરોજ અવશ્ય એક કલાક તમારા હૃદયના ઊંડાણમાં ડૂબકી મારવા સમય કાઢશો. તા. ૧-૪-૬૪)

[७]

१६-४-६४

जानेवाले चले जाते हैं और सब को एक दिन जाना है ही। परंतु पीछे रहनेवाले अपने लिये रोते हैं। यह संसार की रीति है। आशा हैं आप जन्म और मृत्यु के परे जो जीवन है उस का ध्यान करके दुःख से उपर उठेगी।

(જવાવાળા જાય છે, અને બધાને એક દિવસ તો જવાનું જ છે, પરંતુ પાછળ રહેલા પોતાને માટે રડે છે. આ સંસારની રીત છે. આશા છે કે, તું જન્મ અને મૃત્યુની પરે જે જીવન છે તેનું ધ્યાન કરીને દુઃખથી ઉપર ઊઠીશ. તા. ૧૬-૪-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૮]

15-5-64

As regards meditation, it needs tremendous physical as well as mental energy. One cannot meditate if one is physically exhausted and mentally strained. Hence the necessity to sit up in the morning. Meditation is like a bath to the mind. Unless death is accepted as a part of life, one will not be able to overcome personal sorrow.

(ધ્યાન માટે શારીરિક અને માનસિક વિપુલ શક્તિની જરૂર છે. જે કોઈ શરીરથી થાકેલો અને મનથી તંગ હોય એ ધ્યાન કરી શકશે નહિ. માટે સવારમાં મૌનમાં બેસવું જરૂરી છે. ધ્યાન મન માટે તો પ્રક્ષાલન જેવું છે. જ્યાં સુધી મૃત્યુને જીવનના એક અંગ સમું સ્વીકારવામાં ના આવે ત્યાં સુધી અંગત શોકથી પર થવાનું શક્ય નથી. તા. ૧૫-૫-૬૪)

[૯]

17-6-64

May I hope that you will make it a point to sit in silence for at least half an hour a day? Will you also see that the body keeps fit, fresh and sensitive? Once you lose the sensitiveness of the body, you can hardly gain it back. A healthy sensitive body and an alert refined mind are the most valuable treasure one could possess.

(તમે રોજ અડધો કલાક મૌનમાં બેસવાનું નક્કી કરો એવી હું આશા રાખું ? તમારું શરીર સ્વસ્થ, તાજગીવાળું અને સંવેદનશીલ રહે તે જોશો. એક વાર શરીરની સંવેદનશીલતા ગુમાવો તો પછી તે ભાગ્યે જ પાછી મેળવી શકાય. સ્વસ્થ સંવેદનશીલ શરીર, અને સજાગ અને ચોકસાઈવાળું મન એ બંને કોઈ પણ વ્યક્તિ માટે અમૂલ્ય કરણો છે. તા. ૧૭-૬-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૦]

5-8-64

Every day is a birthday for a person who does not allow memory to soil his heart. He is born every minute, who lives through every experience with complete attention and therefore whose consciousness is not duttered with the residue of experiences. So may you find yourself in that realm of creativeness where innocence breaths freshness into your very being.

(જે મનુષ્ય સ્મૃતિથી પોતાના હૃદયને દૂષિત થવા દેતો નથી, તેવા મનુષ્ય માટે પ્રત્યેક દિવસ જન્મદિવસ છે. જે મનુષ્ય દરેક અનુભવને સમગ્ર અવધાનપૂર્વક જીવે છે અને તેથી જેની ચેતના અનુભવના ઉચ્છિષ્ટથી આવરાતી નથી તેનો પ્રત્યેક પળે જન્મ થાય છે. સર્જનની એ ભૂમિમાં તમે સ્થિત થાવ જ્યાં નિર્દોષતાનો શ્વાસ તાજગીથી તમારા સમગ્ર અસ્તિત્વને ભરી દે. તા. ૫-૮-૬૪).

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૧]

14-8-64

What does a person do if he is really dissatisfied with the state of his being? Just as the body must be put at ease when it is unwell, one must put the mind right as soon as one feels discontent. It is not wise to allow unhappiness to overtake you. It is not wise to allow the mind to corrupt the purity of life. In order to understand the meaning of every moment of life, the mind must be extraordinarily swift. Only a healthy-strong mind can be alert. And such a mind needs a strong healthy sensitive body Please see the importance of keeping your instrument, i.e. your body clean, sharp and healthy. Otherwise inspite of all your good intensions, you will degenerate mentally and physically. Let not life within get blocked up Let it not become stagnant.

(જે કોઈ વ્યક્તિ પોતાની વર્તમાન અવસ્થાથી અસંતુષ્ટ હોય તે શું કરે? જેમ શરીર અસ્વસ્થ હોય તો તેને વિશ્રામ આપવો જોઈએ, તેવી રીતે મનમાં અસંતોષ લાગે તો મન સ્વસ્થ થાય તેમ કરવું જોઈએ. દુઃખ તમને ઘેરી વળે તેમ થવા દેવું ડહાપણ-ભરેલું નથી. જીવનની પવિત્રતાને મનથી ભ્રષ્ટ થવા દેવી એ ડહાપણ-ભરેલું નથી. જીવનની દરેક ક્ષણનો અર્થ સમજવા માટે મન અસાધારણપણે ચપળ હોવું જોઈએ. સ્વસ્થ અને દૃઢ મન જ ચપળ હોઈ શકે, અને આવું મન માંગી લે છે સુદૃઢ, સ્વસ્થ અને સંવેદન-શીલ શરીર. એટલે તમારા શરીરને શુદ્ધ, સ્વસ્થ, ચપળ રાખવું જોઈએ; નહિ તો તમારા ગમે તેટલા સારા હેતુઓ હોવા છતાં તમે માનસિક અને શારીરિક રીતે નબળા પડશો. આંતરજીવન અવરોધાઈ ન જાય તે જોજો. તે બંધિયાર ન બની જાય તે જોજો તા. ૧૪-૮-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૨]

22-8-64

Why not find out what you really want in life? What do you want on the material plane? Is there any limit and energy are you prepared to spend for the material side?

If you do not feel that material side is the whole of life, what is that makes you feel there is something else? How much time and energy are you prepared to devote to the discovery of the non-material life? Truth has got to be discovered by everyone No one else can give it to you. It cannot be discovered by merely talking about it. Verbal discussion can give you a map. But if you do not travel what use is the map for you? What use is Vimla and her warm friendship if you do not meditate and dive deep into the secret corners of your mind where various ambitions, envies and jealousies are lying dormant? They come up and operate as soon as they get a chance.

Do not dabble with religion and truth If you really want to understand religion and get to the heart of the whole human existence, start working earnestly upon it; otherwise you will end up in intellectual confusion and psychological frustration.

(તમારે ખરેખર જીવનમાં શું જોઈએ છે તેની શોધ કેમ નથી કરતા? ભૌતિક ભૂમિકા પર તમારે શું જોઈએ છે? ભૌતિક બાજુએ કેટલી હદ સુધી શક્તિનો ખર્ચ કરવા માટે મર્યાદા બાંધી છે?

જો તમને એમ જ લાગતું હોય કે ભૌતિક જીવન જ સર્વસ્વ છે, તો એવું શું છે જેનાથી તમને એમ લાગે છે કે જીવનમાં બીજું પણ કાંઈ છે? એવા અપાર્થિવ જીવનની શોધ માટે કેટલો સમય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને શક્તિ તમે આપવા માટે તૈયાર છો? સત્યની શોધ દરેકે પોતે જ કરવાની છે. અન્ય કોઈ તે તમને આપી નહિ શકે. તેની વાત કરવા માત્રથી શોધ થઈ શકશે નહિ. શાબ્દિક ચર્ચા તો તેનો નકશો આપી શકે. પણ તમે જો એ યાત્રા ન ખેડો તો એ નકશો તમને શું કામનો? જો તમે ધ્યાનપૂર્વક ઊંડા ઊતરીને તમારા મનમાં ખૂણે-ખાંચરે છુપાયેલ જાતજાતની મહત્ત્વાકાંક્ષા, ઈર્ષ્યા અને અદેખાઈ સુપ્ત પડેલી છે, કે જે જેવી તક મળે કે તરત જ ઉપર આવીને એનું પોત પ્રકાશે છે, તેને ના જુઓ, તો વિમલાની હૂંફાળી મૈત્રી શું કામની?

ધર્મ અને સત્ય સાથે ચેડાં ના કરશો. ખરેખર તમારે ધર્મને સમજવો અને માનવ-અસ્તિત્વના મર્મને જાણવો હોય તો ખંતથી તે કામમાં લાગી જાવ; નહિ તો તમે અંતે બૌદ્ધિક ગૂંચવાડા અને માનસિક હતાશામાં ભેરવાઈ પડશો. તા. ૨૨–૮–૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૩]

23-9-64

Life is a series of challenges and responses. Every moment throws up a new challenge. Minds which are fresh and free can meet every challenge adequately. Minds which carry the burden of knowledge and of previous experiences are unable to meet the challenges. Believe me, dear brother, if one cannot determine the order of priorities at the age of 49, one will never be able to determine them. Once you know what is the essence of human life, one should apply all one's energy to get there. One has to watch what is essential and what is unessential.

Indulging in unessentials is keeping oneself away from the essentials. Renunciation is an inclusive attention. It is not to get entangled in the secondary issues of life. It is a new simple approach to life.

(જીવન પડકાર અને પ્રતિસાદની શૃંખલા છે. દરેક પળ નવો પડકાર લઈને આવે છે. જે મન સ્વતંત્ર અને તાજગીવાળું હોય છે તે દરેક પડકારને યોગ્ય રીતે ઝીલે છે. જે મન જ્ઞાનના બોજ અને ભૂતકાળના અનુભવથી લદાયેલ છે, તે પડકાર ઝીલવા અશક્તિમાન છે. જો ઓગણપચાસ વર્ષની ઉંમરે પણ અગ્રતાના ક્રમ વિષે નિર્ણય ન કરી શકો તો, મારા ભાઈ, તમે તે ક્યારેય કરવા શક્તિમાન નહિ હો. એક વખત માનવજીવનના સત્ત્વનું તમને ભાન થાય તો તમારી બધી શક્તિઓનો ઉપયોગ એને પામવા કરવો જોઈએ. આવશ્યક અને અનાવશ્યક શું છે તે સજગતાથી જોવું જોઈએ.

અનાવશ્યકમાં રાચવું એટલે પોતે આવશ્યકતાથી દૂર રહેવું. ત્યાગ એ જ સર્વાંગી અવધાન છે. તે જીવનની ગૌણ વસ્તુઓમાં લપટાવવાની બાબત નથી. એ જીવનનો નવો અને સાદો અભિગમ છે. તા. ૨૩-૯-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૪]

11-10-64

The best way to shake off the unessentials is to understand the nature of the essentials. When you truly understand the nature of the essentials of life, the unessentials wither away. No separate effort is warranted to "shake them away." Let me assure you that understanding has its own momentum and it starts working from the very moment understanding nas taken place.

I do not understand what you imply by saying that "duality in mind dominates." Mind is a bundle of feelings, emotions, sentiments, ambitions, desires, conflicts and a hundred tensions. As long as that mind is moving and functioning, there is going to be an action based on choice. choice indicates duality. In other words, as long as there is the illusion of time, duality is bound to flow from everything that the mind touches. So instead of bothering about the duality, try to find out if the mind can be silent and if there is any action outside the compass of time and space.

(અનાવશ્યક ચીજોને ખંખેરી કાઢવા માટે એકં જ ઉત્તમ માર્ગ છે કે અનાવશ્યક ચીજોની પ્રકૃતિને સમજી લેવી. જ્યારે તમે જીવનની આવશ્યકતાઓની પ્રકૃતિને સાચી રીતે સમજી લો ત્યારે અનાવશ્યકતા ખરી પડે છે. એ ખંખેરી કાઢવા માટે કોઈ જુદો પ્રયત્ન કરવો જરૂરી નથી. મને તમને ખાતરી આપવા દો કે સમજમાં એની પોતાની ગતિ અંતર્નિહિત છે. જે પળે સમજ આવે છે ત્યારથી તે કાર્યરત થાય છે.

"મનમાં દ્વૈતની પકડ છે", તેનાથી તમે શું કહેવા માંગો છો તે મને સમજાતું નથી. મન એ લાગણીઓ, આવેગો, ભાવનાઓ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહત્ત્વાકાંક્ષાઓ, ઇચ્છાઓ, ઘર્ષણો અને બીજા સેંકડો તનાવોના ભારાસમ છે. જ્યાં સુધી આવું મન ગતિશીલ છે અને કાર્ય કરે છે ત્યાં સુધી જે કાંઈ કર્મ થાય છે તેનો પાયો પસંદગી પર આધારિત છે. પસંદગી દ્વૈતનો નિર્દેશ કરે છે. બીજા શબ્દોમાં, જ્યાં સુધી કાળનો ભ્રમ છે ત્યાં સુધી મન જેને સ્પર્શે છે તેમાંથી દ્વૈત જ વહેવાનું. તેથી દ્વૈતની ચિંતા છોડીને, મન શાંત કેવી રીતે થાય અને દેશ અને કાળની મર્યાદાથી પર કર્મ છે કે કેમ તેની શોધ માટે પ્રયત્નશીલ રહો. તા ૧૧-૧૦-૬૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[१५]

९-४-६५

जब मनुष्य जीवित के तथ्य को स्वीकार नहीं करता, तब वह अशांत हो जाता है। परिवार में परस्पर संबंध का जो वास्तविक स्वरूप है, उस को पहचान लेना चाहिये। उस के कारणों को समझ लेना चाहिये। इस के बाद चित्त उस से मुक्त हो जाता है। किसीसे कुछ अपेक्षा रखते है तभी निराशा या दुःख हो सकता है। आशा-अपेक्षा की छाया है दुःख, निराशा। सब संबंध देह को लेकर है। आत्मा तो स्वयंपूर्ण है। उसका किन्ही के साथ कोई संबंध नहीं है। उस स्वरूप को देखना सीखें; निरुपाधिक आत्मा में स्थिर रहना सीखें, तब संसार में रहते हुए भी मन स्वस्थ होगा, प्रसन्न होगा।

जो समझ में आता है, वह आचरण में सहज उतरता है। जो आचरण में परिणत नहीं होता वह समझ में आया ही नहीं।

(જ્યારે મનુષ્ય જીવનના તથ્યનો સ્વીકાર નથી કરતો ત્યારે તે અશાંત થઈ જાય છે. પરિવારમાં પરસ્પર સંબંધોનું જે વાસ્તવિક સ્વરૂપ છે તેને ઓળખી લેવું જોઈએ. એનાં કારણોને સમજી લેવાં જોઈએ. ત્યાર બાદ ચિત્ત એનાથી મુક્ત થઈ જાય છે. કોઈ પાસેથી કાંઈક અપેક્ષા રાખીએ છીએ ત્યારે નિરાશા અથવા દુઃખ થાય છે. આશા-અપેક્ષાની છાયા છે દુઃખ-નિરાશા. બધા સંબંધો દેહને લીધે છે. આત્મા તો સ્વયમ્ પૂર્ણ છે. એને કોઈની સાથે કોઈ સંબંધ નથી. એ સ્વરૂપને જોતાં શીખો. નિરુપાધિક આત્મામાં સ્થિર રહેતાં શીખો ત્યારે સંસારમાં રહેવા છતાં પણ મન સ્વસ્થ હશે, પ્રસન્ન હશે.

જે સમજમાં આવે છે તે આચરણમાં સહેજે ઊતરે છે. આચરણમાં પરિણમતું નથી તે સમજાયું જ નથી તા. ૯-૪-૬૫)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[१६]

19-10-65

For me there is no departure. I know only "Arrival".

(વિખૂટા પડવાનું મારે માટે છે જ નહિ. હું તો મળેલી જ છું. તા ૧૯-૧૦-૬૫)

[१७]

१७-१-६६

संसार के कर्तव्यों को करते समय निजरूप का भान रहना यह मुक्तिका अर्थ है। निजरूप के भान में विचार और विकार स्वयमेव शांत होते हैं। असल में विचार भी विकार ही है। चित में किसी भी तरह के स्पंदन का न होना सच्चा मौन है। बाह्य विषयों से विराग एवं क्रियासे विराग पाना सुलभ है। आंतरिक विचारसे निवृत्त होना कठिन है। उस मौन का अभ्यास कीजिये।

(સંસારનાં કર્તવ્યો કરતી વખતે નિજરૂપનું ભાન રહેવું તે મુક્તિનો અર્થ છે નિજરૂપના ભાનમાં વિચાર અને વિકાર સ્વયમેવ શાંત થાય છે. અસલમાં વિચાર પણ વિકાર જ છે. ચિત્તમાં કોઈ પણ પ્રકારના સ્પંદનનું હોવું નહિ તે સાચું મૌન છે. બાહ્ય વિષયોથી વિરાગ એવં ક્રિયાથી વિરાગ પામવો સુલભ છે. આંતરિક વિચારથી નિવૃત્ત થવું કઠિન છે એ મૌનનો અભ્યાસ કરો. તા. ૧૭-૧-૬૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૧૮]

2–4–66

You may win all the wealth, power and prestige of this world. Your heart will be empty and poor as long as you have not entered the realm of silence. A living silence where time and space cease to function; where birth and death become meaningless. Living and moving in that silence is life. The rest is sheer shadow. Action flowing from that silence is life The rest is but inaction.

(તમે કદાચ આ જગતની સઘળી લક્ષ્મી, સત્તા અને કીર્તિ પામો; પરંતુ જ્યાં સુધી તમે શાંતિના સામ્રાજ્યમાં પ્રવેશ ન પામો ત્યાં સુધી તમારું હૃદય ખાલીખમ અને કંગાળ રહેશે. જીવંત શાંતિ, જેમાં સમય અને અવકાશ કામ કરતાં અટકી જાય છે, જેમાં જન્મ અને મૃત્યુ અર્થહીન બની જાય છે, તેમાં જીવવું અને ગતિ કરવી એ જ જીવન છે. બીજું બધું જ ફક્ત પડછાયા છે. એવી શાંતિમાંથી જે કર્મ ઘટે છે તે જ જીવન છે. બાકીનું બધું જ [સાચું] કર્મ નથી. તા. ૨–૪–૬૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[१९]

२२-६-६६

मत पूछो मुझसे कि क्या हूँ मैं
और कौन हूँ मैं।

मृण्मय साज़ पर बजाया
चिन्मय का एक गान हूँ मैं।

विश्वचेतना की वीणा का
एक सहज स्पंदन हूँ मैं।

विधाता की एक कविता हूँ
छंदों का निज छंद हूँ।

मिलो, मुझ से सब मिलो
सुनो, मेरे श्वासों में झंकृत गीत सुनो।

आकाश का आलंबन हूँ
रूपातीत का स्वरूप हूँ।

देखो, मुझे सब कोई देखो
दर्पण हूँ, मुझ में निजरूप देखो।

વિરહમાં પ્રચ્છન્ન મિલનની ખુમારી ક્યારે તમને ગમશે? જુદાઈનો ભ્રમ ક્યારે મટશે?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२०]

२६-६-६६

कहते हैं सब पर प्रेम करो
प्रेम भी करना होता है ?
मानव का अहं तो देखो
कितना गहन गंभीर, प्रबल जटिल
वह 'सब पर' प्रेम करेगा ?
यह सब क्या है ?
अहं की पुष्टि का साधन।
तन के घेरे में, मन के डेरे में,
कैद हुआ जीवन देता है
उन की निजता का दान
उस में पला अहंकार
मानता है अपने को स्वतंत्र
और 'मम-ता' के बाहर जो है
उन्हें कहता है सब 'इतरजन'
गज़ब है मन की माया
गज़ब है मानव की मूढ़ता
ओ रे भाई, तुम क्या जानो प्रेम ?
प्रेम ज्ञान नहीं, प्रेम कर्म भी नहीं।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૨૧]

સ્વાસ્થ્ય છે તનની મજબૂતી, પવિત્રતા છે મનની મજબૂતી.

[૨૨]

તા. ૭–૧૨–૬૬

આગે પ્રભુની સત્તા તળે જ્યાં થશું ત્યાં થશું. આજે અમને ખબર નથી કે ક્યાં જવું પડશે અમે તો ઇચ્છીએ છીએ, શાંતિથી રહેવું. હરવુંફરવું અમને હવે જરાય ગમતું નથી. મૌન અમને ખૂબ જ ગમે છે. ભોજન કરવું ગમતું નથી કે નિદ્રા લેવી પણ ગમતી નથી. અમે તો નિજસ્વરૂપમાં સમરસ થઈને રહીએ છીએ. સભામાં અમે બોલતા નથી. જાણે કોઈ હૃદયમાં બેસીને બોલ્યા કરે છે અને અમે સાંભળીએ છીએ. લોકો મળવા આવે છે ત્યારે જાણે કોઈ આંખમાં પેસીને જોયા કરે છે અને અમે માત્ર સાક્ષી છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२३]

२२-१-६७

विचारसंचय - पराई अनुभूतियों के वर्णनों का संग्रह - बुद्धिमें पड़ा रहेगा। प्रत्यक्ष कुछ भी न होगा।

पुरुष संतों के व्यवहार में जब ब्रह्मचर्य को एवं वीतराग को उपलब्ध करता है तो प्रेमाछंद एवं कोमल दिखाई देगा। स्त्री जब उपलब्ध करती है तो निर्भयता, प्रखरता उस के व्यवहार में अधिक मात्रा में आयेगी। जिनमें जिन गुणों की कमी शतकों से रही है उन की पूर्ति वीतराग अवस्था में हो जाती है।

(વિચારસંચય-પરાઈ અનુભૂતિઓનાં વર્ણનોનો સંગ્રહ-બુદ્ધિમાં પડ્યો રહેશે. પ્રત્યક્ષ કંઈ જ નહિ થાય. પુરુષ સંતોના વ્યવહારમાં પ્રેમની અભિવ્યક્તિ અધિક માત્રામાં થાય તે સ્વાભાવિક છે. પુરુષ જ્યારે બ્રહ્મચર્ય તથા વીતરાગતા ઉપલબ્ધ કરે છે તો પ્રેમાળ અને કોમળ દેખાશે. સ્ત્રી જ્યારે ઉપલબ્ધ કરે છે ત્યારે નિર્ભયતા, પ્રખરતા એના વ્યવહારમાં અધિક માત્રામાં આવશે. જેનામાં જે ગુણોની ઓછપ શતકોથી રહી છે તેની પૂર્તિ વીતરાગ અવસ્થામાં થઈ જાય છે. તા. ૨૨-૧-૬૭)

[२४]

२६-७-६७

खुश रहना, प्रसन्न रहना, ऐसी प्रसन्नता जिस में उत्तेजना न हो। शांत रहो। ऐसी शांति जिस में जड़ता न हो, आलस न हो, प्रमाद न हो।

(ખુશ રહેજે, પ્રસન્ન રહેજે, એવી પ્રસન્નતા કે જેમાં ઉત્તેજના ન હોય; શાન્ત રહેજે, એવી શાન્તિ જેમાં જડતા ન હોય, આળસ ન હોય, પ્રમાદ ન હોય. તા. ૨૬-૭-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२५]

३०-७-६७

शरीर को और मन को स्वस्थ रखो। सुंदर रखो और चपल रखो। कहीं भी जड़ता न हो। शरीर जड़ हो तो मन आलसी बनता है। आलस प्रमाद को जन्म देता है। अनवधान को बढ़ाता है। प्रमाद-रहित व्यवहार ध्यान की कसोटी है।

(શરીર અને મનને સ્વસ્થ રાખો, સુંદર રાખો અને ચપળ રાખો. ક્યાંય જડતા ન હોય. શરીર જડ હોય તો મન આળસુ બને છે. આળસ પ્રમાદને જન્મ આપે છે, અનવધાન વધારે છે. પ્રમાદરહિત વ્યવહાર ધ્યાનની કસોટી છે. તા ૩૦-૭-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२६]

७-८-६७

संत का सहवास याने उन के शरीर का सहवास भूल कर भी न समझना। देह में रहते हुए जो देहभान में नहीं रहता। जिस में देह के साथ तद्रात्मभाव नहीं तथा देह छतां निर्वाण दशा में जो रहता है, उस को संत कहते है।

संत के शब्द, विचार तथा व्यवहार से परिचय होने से संत का परिचय हुआ ऐसे भूल कर भी मत मानना। शब्द तो उपर का छिलका है। छिलके को छील कर, जो रस पीता है, वह 'सत्संग' करता है। उन के व्यवहार का अनुकरण करना 'साधना' नहीं है। अनुकरण करने जायंगे तो भयंकर हानि हो सकती है यह ध्यान में रखना।

जिस के भीतर ज्ञान की अग्नि रातदिन जलती है, आत्मज्ञान की जलती धूनि के पास जो रहता है, उस के प्रकाश में जो जीता है उस के व्यवहार की हम नक़ल करे, या इन की कृपा को हम अपना अधिकार समझे, तो भी भयंकर हानि हो सकती है।

इस लिये संत के सहवास में अखंड जागृत रहना चाहिये। जो देखें उस को प्रमाण नहीं मानें। जो समझ में आये, जो ग्रहण होवे, उस को प्रसादी समझ कर जीना चाहिये।
संत का सहवास करना मुश्किल है। बच्चों का खेल नहीं।

(સંતનો સહવાસ એટલે એના શરીરનો સહવાસ ભૂલથી પણ ન સમજશો. દેહમાં રહેવા છતાં જે દેહભાનમાં નથી રહેતા, જેનામાં દેહની સાથે તાદાત્મ્યભાવ નથી હોતો તથા 'દેહ છતાં નિર્વાણ' દશામાં જે રહે છે એને સંત કહે છે.

સંતના શબ્દ, વિચાર તથા વ્યવહારથી પરિચય થયો તેથી સંતનો પરિચય થયો તેવું ભૂલ કરીને પણ ન માનતા. શબ્દ તો ઉપરનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છીલકું છે; છીલકાને તોડીને જે રસ પીએ છે તે સત્સંગ કરે છે. એના વ્યવહારનું અનુકરણ કરવું તે સાધના નથી. અનુકરણ કરવા જશો તો ભયંકર હાનિ થઈ શકે છે એ ધ્યાનમાં રાખશો.

જેની અંદર જ્ઞાનનો અગ્નિ રાતદિવસ જલતો હોય છે, આત્મ-જ્ઞાનની જલતી ધૂણીની પાસે જે રહે છે, એના પ્રકાશમાં જે જીવે છે, એના વ્યવહારની આપણે નકલ કરીએ અથવા સંતની કૃપા આપણો અધિકાર છે એમ સમજીએ તોપણ ભયંકર હાનિ થઈ શકે છે.

એટલા માટે સંતના સહવાસમાં અખંડ જાગ્રત રહેવું જોઈએ. જે દેખાય તેને પ્રમાણ ન માનો. જે સમજમાં આવે, જે ગ્રહણ થાય એને પ્રસાદી સમજીને જીવવું જોઈએ.

સંતનો સહવાસ કરવો મુશ્કેલ છે. છોકરાંઓનો ખેલ નથી. તા. ૭-૮-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२७]

१९-८-६७

जहाँ, जब, जिस स्थिति में रहना होता है, वहाँ तब उस स्थिति में संपूर्ण सावधानता से जीना यह धर्म है। सावधानता में वृत्ति स्वयमेव तटस्थ या मध्यस्थ बन जाती है। तटस्थता में जो कर्म होता है वह समग्र होता है और सावधानता की कुंची।

(જ્યાં, જ્યારે, જેવી સ્થિતિમાં રહેવાનું થાય ત્યાં ત્યારે, તેવી સ્થિતિમાં સંપૂર્ણ સાવધાનતામાં જીવવું તે છે ધર્મ. સાવધાનતામાં વૃત્તિ, સ્વયમેવ, તટસ્થ અથવા તો મધ્યસ્થ બની જાય છે. તટસ્થતામાં જે કર્મ થાય છે તે સમગ્ર કર્મ છે. અને પ્રેમ છે સાવધાનતાની ચાવી તા. ૧૯-૮-૬૭)

[२८]

२६-८-६७

अपने या दूसरे के शरीर को एक मर्यादा से ज़्यादा महत्त्व देना राग कहलाता है।

(આપણા અથવા બીજાના શરીરને એક મર્યાદાથી વધારે મહત્ત્વ આપવું એને રાગ કહે છે. તા. ૨૬-૮-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[२९]

१४-१० ६७

लोकांत में रहते हुए एकांत में मज़ा लूंटती हूँ। गति में स्थिति की शांति का आनंद लूंटती हूँ। बोलते हुए मौन का स्वाद चखती हूँ।

(લોકાન્તમાં રહેવા છતાં એકાન્તની મઝા લૂંટું છું. ગતિમાં સ્થિતિની શાન્તિનો આનંદ લૂંટું છું. બોલવા છતાં મૌનનો સ્વાદ ચાખું છું. તા. ૧૪-૧૦-૬૭)

[૩૦]

४-११-६७

ध्यान में बैठने की अवस्था पार कर के अब ध्यानमय व्यवहार की शुरूआत करें। विज्ञान में कहते हैं, गति अनंत होने पर स्थिति में बदल जाती है। स्थिति is infinite motion. शांति = अक्रिया की दशा अर्थात् अनंत क्रिया की शक्ति। मौन = वाणी की अनंत शक्ति का पुंजीभूत होना। इस पर चिंतन करें। मौन = शांति = समाधि को प्रत्यक्ष अनुभव करें।

(ધ્યાનમાં બેસવાની અવસ્થા પાર કરીને હવે ધ્યાનમય વ્યવહારની શરૂઆત કરો. વિજ્ઞાનમાં કહે છે, ગતિ અનંત હોવાથી સ્થિતિમાં બદલાઈ જાય છે. સ્થિતિ એ અનંત ગતિ છે. શાન્તિ = અક્રિયની દશા એટલે કે અનંત ક્રિયાની શક્તિ. મૌન = વાણીની અનંત શક્તિનું પુંજીભૂત થવું. એના ઉપર ચિંતન કરો. મૌન = શાંતિ = સમાધિનો પ્રત્યક્ષ અનુભવ કરો. તા. ૪-૧૧-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[३१]

१५-११-६७

कर्म नहीं बांधता, बांधते हैं राग-द्वेष। घर की दीवारें बांधती नहीं, बांधती है आसक्ति।

अपनी देहयात्रा। देह संबंधी तथा पारिवारिक व्यवहार में तटस्थता लाना यही अनासक्ति का लक्षण है। तटस्थता उदासीनता से भिन्न है। तटस्थता जड़तासे भिन्न है। तटस्थ याने मध्यस्थ भाव में प्रतिष्ठित व्यक्ति। वैसा व्यक्ति सावधान है। आसक्ति तथा अनासक्ति दोनों जब निर्मूल होते हैं, तब चित्त निर्ग्रंथ बनता है, तब प्रेमप्रवाह जोरों से बह उठता है। फिर सावधानता प्रेम में पिघलकर करुणा जाग उठती है। प्रेम और करुणा के स्रोत से जीवन दिव्यता को प्राप्त होता है।

(કર્મ બાંધતું નથી, બાંધે છે રાગ-દ્વેષ. ઘરની દીવાલો બાંધતી નથી, બાંધે છે આસક્તિ.

આપણી દેહયાત્રામાં, દેહસંબંધી તથા પારિવારિક વ્યવહારમાં તટસ્થતા આવવી એ અનાસક્તિનું લક્ષણ છે તટસ્થતા ઉદાસીનતાથી જુદી છે. તટસ્થતા જડતાથી પણ જુદી છે. તટસ્થ એટલે મધ્યસ્થ ભાવમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ. એવી વ્યક્તિ સાવધાન રહે છે. આસક્તિ તથા અનાસક્તિ બંને જ્યારે નિર્મૂળ થઈ જાય છે ત્યારે ચિત્ત નિર્ગ્રંથ બને છે, ત્યારે પ્રેમપ્રવાહ જોરથી વહેવા માંડે છે. ત્યાર બાદ સાવધાનતા પ્રેમમાં પીગળીને કરુણા જાગી ઊઠે છે. પ્રેમ અને કરુણાના સ્રોતથી જીવન દિવ્યતામય બને છે. તા. ૧૫-૧૧-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[३२]

३०-११-६७

अपना साथ है वह समझकर हिंमत से रहना। संतुलन रखना। मध्यस्थ भाव से रहना। वीतराग के प्रेमियों को रागद्वेष से मैत्री रखनी नहीं। आपने हम से प्रेम रखा तो अब रागद्वेष से परे चलना ही होगा। हमारा हाथ पकड़ा है तो क़दम भी बढ़ाने पड़ेंगे।

(આપણો સાથ છે તે સમજીને હિંમતથી રહેજે, સંતુલન રાખજે, મધ્યસ્થ ભાવથી રહેજે. વીતરાગના પ્રેમીઓએ રાગદ્વેષથી મૈત્રી રાખવી નહિ તમે મારી સાથે પ્રેમ રાખ્યો છે તો પછી રાગ-દ્વેષથી પર થઈને ચાલવું જ રહ્યું. અમારો હાથ પકડ્યો છે તો ડગ માંડવાં જ રહ્યાં. તા. ૩૦-૧૧-૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૩૩]

તા ૧૧-૧૨-૬૭

તને મારા પર પ્રેમ થઈ ગયો છે તેથી નિરંતર જલવું પડે છે.

એ સાચું છે કે હૃદયના ભાવો શબ્દોમાં અંકિત કરવા ખૂબ જ કઠણ છે. મૌન જ આત્માની અસલ ભાષા છે. પ્રેમ શબ્દનો સ્પર્શ પણ સહન કરી શકતો નથી.

પરંતુ આપણુને પ્રેમનો અનુભવ ભાગ્યે જ થાય છે. જે ક્ષણે પ્રેમ અંતઃસ્થળને સ્પર્શ કરે છે ત્યારે આખુંય વ્યક્તિત્વ ઝણુઝણી ઊઠે છે. સમસ્ત પ્રાણ અંકૃત થઈ જાય છે. પ્રેમને આપણે ધારણ નથી કરી શકતા એટલે વ્યાકુળ બનીને અભિવ્યક્ત કરવા તડપીએ છીએ. ઇંદ્રિયો પ્રેમ વ્યંક્ત કરવામાં અસમર્થ હોવાને કારણે આપણે અભિ-વ્યક્તિ પછી પણ અતૃપ્ત રહી જઈએ છીએ. જેમ જેમ પ્રેમ ઊંડો ઊતરતો જાય છે, અભિવ્યક્તિની લાલસા ઘટતી જાય છે. અનુભૂતિમાં પરિતૃપ્તિ પમાય છે. તને આ પરિતૃપ્તિ ઉપલબ્ધ થાય એવી મારી શુભ કામના.

જેટલો વધુ સમય મૌન રાખી શકાય, રાખવું ઘટે. સાંસારિક વિષયોની વાતો, પરનિંદા, આત્મપ્રશંસા – એ બધાંથી અનાયાસ બચી જવાય છે. મૌનમાં ચિંતનને ગતિ મળે છે મૌન ચિત્તધ્યાનમાં સહજ પ્રવેશ મેળવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૩૪]

22–4–68

You should see to it that the momentum increases fast. You are nearly fifty years old. Spending half a century in this world without discovering the nature of ultimate reality, without getting free of the slavery of mind, without realising the essence of love is not a desirable state. Do get out of it while your body is under your control and your mind can listen to you.

Do please regard meditative way as the top priority of your life. Do ration out food to your body. Do not miss dailly exercises. Either go out for one hour brisk walk or do Yogic Asanas. Please do not keep late hours at night. You must relax for seven hours at night and should not sleep for more than half an hour in the afternoon. Unless (Bhabhi and yourself) focus your attention on Silence, Peace and Love, years will drift away and you may be compelled to leave this world without blossoming into divinity.

(તમારે એ જોવું જોઈએ કે ગતિમાં વેગ વધે. તમારી ઉંમર પચાસ વર્ષની તો થઈ. અંતિમ સત્યના સ્વરૂપની ખોજ કર્યા વગર, મનની ગુલામીમાંથી મુક્ત થયા વગર, પ્રેમનો મર્મ પામ્યા વિના અડધી સદી વિતાવી દેવી તે અવસ્થા ઇચ્છનીય નથી. શરીર પર કાબૂ છે અને મન તમારું સાંભળે છે ત્યાં સુધીમાં જરૂર આ બધા-માંથી બહાર નીકળી જાવ.

ધ્યાનમાર્ગને તમારા જીવનમાં અગ્રિમ સ્થાન આપો. તમારા શરીરને યુક્તાહાર આપો. દૈનિક વ્યાયામ ચૂકશો નહિ. કાં તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક કલાક ઝડપથી ફરવાનું રાખો અથવા યોગાસનો કરો. રાત્રિના મોડા સુધી જાગશો નહિ. રાત્રે સાત કલાક વિશ્રાન્તિ લેવી જ જોઈએ અને બપોરના અડધા કલાકથી વધુ સૂવું જોઈએ નહિ.

તમે તમારું સઘળું અવધાન મૌન, શાન્તિ અને પ્રેમ ઉપર કેન્દ્રિત નહિ કરો તો વર્ષો તો વહી જશે અને તમારામાં દૈવતને ખીલવા દીધા સિવાય તમારે આ દુનિયા ન છૂટકે કદાચ છોડી જવી રહેશે. તા. ૨૨-૪-૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[३५]

२३-४-६८

संसार में देह से, मन से, अल्प भी सुखेच्छा होगी तो आत्मा का संग नहीं हो सकेगा। आत्मा का संग ही सच्चा सत्संग है। संत तो आत्मरति का स्थूल स्वरूप है।

(સંસારથી, દેહથી, મનથી અલ્પ પણ સુખેચ્છા હશે તો આત્માનો સંગ થઈ શકશે નહિ. આત્માનો સંગ જ સાચો સત્સંગ છે સંતો આત્મરતિનું સ્થૂલ સ્વરૂપ છે. તા. ૨૩-૪-૬૮)

[३६]

२९-४-६८

કુંડલિની મા છે, જગદંબા છે. તમારામાં વસે છે કુંડલિનીને સ્વરૂપે અમે માનવીમાં વતન રાખીએ છીએ. અમે દરેક માનવદેહના વતની છીએ દર્શન કરવું હોય તો પોતામાં કરો.

વિમલદેહમાં માત્ર એક ચિનગારી છે – મહાનલની. વિશ્વરૂપમાં મહાનલ વિરાજે છે. દર્શન કરવું હોય તો ત્યાં કરો. દેહ અને મનની ભિન્નતા ભેદીને એકતાનો આલોક જોવો જોઈએ. આલોકના અરીસામાં નિજરૂપનું દર્શન થશે. તમારું નિજરૂપ જ અમારું સ્વરૂપ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[३७]

९-५-६८

तुम्हारा मेरे प्रति जो स्नेह है, अुसका प्रत्यय मेरे हृदय में उठता है। स्नेह की निःशब्द भाषा संकेतों में या इशारों में भी नहीं पकड़ी जाती। इलेक्ट्रिसिटी का वहन जिस प्रकार वायर करती है, उसी प्रकार यह पंचमहाभूत प्रेमतत्त्व का वहन करते हैं। लेकिन इस निराकार, निर्गुण, निःसंकेत प्रेम की पहचान सिर्फ़ अनुभूति के द्वारा ही हो सकती है।

(તારો મારા પ્રત્યે જે સ્નેહ છે તેનો પ્રત્યય મારા હૃદયમાં ઊઠે છે. સ્નેહની નિઃશબ્દ ભાષા સંકેતોમાં અને ઇશારાઓમાં પણ પકડાતી નથી. વીજળીનું વહન જે રીતે તારથી થાય છે તે પ્રકારે આ પંચમહાભૂત પ્રેમતત્ત્વનું વહન કરે છે; પરંતુ આ નિરાકાર, નિર્ગુણ, નિઃસંકેત પ્રેમની ઓળખ કેવળ અનુભૂતિ દ્વારા જ થઈ શકે છે. તા. ૯-૫-૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૩૮]

તા. ૧૩–૫–૬૮

શારીરિક તંત્ર મર્મભેદક, સંવેદનશીલ, ચપળ અને સ્વસ્થ રાખવું જોઈએ. શારીરિક આળસ અને સ્થૂળતાથી તમને અવરોધ નડે તો તે શરમજનક છે. સંવાદી વાદ્યની જેમ તમારે તમારા શરીરને સંભાળવું જોઈએ. તમારી એક પણ નાડીને ઢીલી પડવા દેશો નહિ. ક્યારેય તમારી કોઈ પણ નાડીને વધુ તંગ થવા દેશો નહિ. આખુંય તંત્ર વ્યવસ્થિત અને સુંદર રાખજો. કોઈ કર્મને મુલતવી રાખશો નહિ. તમને જે જરૂરનું લાગે તે તુરત જ કરવું જોઈએ. સમજ અને કર્મની વચ્ચે જે સમયાંતર રહે છે તે સર્વ દુઃખ અને શોકનું મૂળ છે. કોઈ પણ નિર્ણય અને કર્મને મુલતવી રાખવું તે ધીમો આપઘાત છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૩૯]

૧૭–૫–૬૮

અવ્યક્ત રીતે સથવાર આપીએ છીએ. શ્વાસ–પ્રશ્વાસમાં જોશો તો અમારું અસ્તિત્વ અનુભવશો. પોતાની આંખોમાં જોશો તો જ્યોતિરૂપમાં અમોને જ જોશો. વિચાર એ જ સૌથી મોટો વિકાર છે. નિર્વિચાર થઈને અંતરમાં દૃષ્ટિ વાળશો, તો મૌનના મહાલયમાં આત્મદીપરૂપે અમોને જોશો.

જાણમાં અને આચરણમાં વિરોધ કેમ આવે છે, એનું ચિંતન કરવું ઘટે છે. અહંતાને કારણે વિરોધ આવતો હશે એમ અમે ધારીએ છીએ. જ્યાં સુધી દેહભાવ જાગ્રત છે, દેહની અલ્પ પણ સુખેચ્છા છે, ત્યાં સુધી અહંતા જીવતી રહેવાની. મનની ગુલામીમાં ઇંદ્રિયો નાચે છે ને આપણને નચાવે છે, ત્યાં સુધી અહંતા જીવતી રહેવાની. નિજરૂપમાં પ્રવેશ્યા વગર છૂટકો જ નથી. નિજરૂપમાં સ્થિર થવું એ જ જીવન જીવવું કહેવાય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૦]

૨૧–૫–૬૮

વાતાવરણ અનુકૂળ છે એમ તમે લખો છો. ભાઈ મારા, વાતાવરણ તો અંતરની અવસ્થાનું માત્ર પ્રતિબિંબ છે. ચિત્ત શાંત હોય તો વાતાવરણથી શાંતિનાં સ્પંદનો અનાયાસ તમારી તરફ વહેતાં રહે છે.

સંકલ્પ–વિકલ્પનો સહજ ઉપશમ મૌન કહેવાય. વાણી કે શરીરને કૃત્રિમ ઉપાયથી નિષ્ક્રિય રાખવું એ મૌન નથી. જ્યાં સુધી દેહભાવને સંસાર પ્રત્યે વળગણ જીવતી રહે છે, ત્યાં સુધી મૌન કે એકાંતમાં રસ પડતો નથી. વિચારોમાં અને ભાવનાઓમાં રમવું ગમે છે ત્યાં સુધી નિજરૂપમાં પ્રતિષ્ઠિત થવું ગમતું નથી. નિજરૂપમાં પ્રતિષ્ઠિત માણસ 'માનવી' કહી શકાય.

બધા પ્રત્યે સહજ પ્રેમ ઉપજે છે, મિત્રતા નીતરે છે, સહુ સાથે સંપર્ક રાખીએ છીએ. ઘનિષ્ઠતા કોઈની સાથે રાખતાં નથી. જ્યાં અમે નિવાસ કરીએ છીએ એટલે કે નિજરૂપમાં રમીએ છીએ, ત્યાં આવવાનું કોઈને ગમતું નથી. અમારાં સ્વજનો ને મિત્રો કાં તો અમારા દેહ પ્રત્યે વળગણ રાખે—કાં તો વિચાર, વાણી, ભાવના પ્રત્યે વળગણ રાખીને ત્યાં અટકતાં હોય છે; બધાં પ્રત્યવાયો ઓળંગીને અમારા નિવાસ સુધી કોઈ ભાગ્યે જ આવતું હશે.

દેહ, મન પણ ઓળંગવાં પડશે. શૂન્યતાનું નિગૂઢ નીરવ મહાદ્વાર ખોલીને, એકાંતના અતલ ઊંડાણમાં ઊતરવું પડશે, જ્યાં અહંતા પીગળશે. અહંતાનું મૃત્યુ જોઈ ગભરાશો નહિ. અહંતાનું મૃત્યુ એટલે સ્વરૂપનું દર્શન. અહંતાનું મૃત્યુ એટલે આત્માનું સર્જન. આત્મરૂપમાં પ્રતિષ્ઠિત થશો ત્યારે અનુભવશો કે અમે તો સાથે જ છીએ. ના, ના, એક જ છીએ. અહંતાને કારણે 'દ્વૈત'ની માયા ઊભી થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૧]

૨૭–૫–૬૮

જ્યારે બધાં ચિત્ત ગુમાવી બેસે ત્યારે જો તું તારું ચિત્ત ગુમાવે નહિ, જ્યારે શત્રુ કે મિત્ર તને ડુભાવી શકે નહિ, જ્યારે સહુ સાથે સંપર્ક રાખીને ઘનિષ્ઠતાથી તું દૂર રહીશ ત્યારે તું સાચા અર્થમાં માનવી થઈશ. સમજો ?

મનુષ્ય સાથે સંબંધ તો રહેવાનો જ. સંબંધ તો જીવનનું ઉપાદાન તત્ત્વ છે. સંબંધોમાં પોતાની અસલિયતનું દર્શન થશે. કદરૂપતા પ્રગટ થશે. થવા દો પ્રગટ કમજોરી ને કદરૂપતા. વેદના અશ્રુ બનીને વહેશે. બધી વ્યથાને નીતરી જવા દો. અકળામણ અનુભવશો. કાલાવાલા ને ગ્લાનિ અનુભવશો કદાચ. પણ ગભરાઈશ નહિ, વહાલી બહેન, તારો હાથ જે દી ઝાલ્યો છે તે દિવસથી મારો સથવાર છે તને. હું સથવારે છું પછી ચિંતા શાની ? બીક શાની ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૨]

૬-૬-૬૮

પ્રેમ તો પ્રેમ છે. પ્રેમ કંઈ કોઈના પ્રત્યે થતો હશે ખરો ? પ્રેમ એક અવસ્થા છે. પ્રેમાવસ્થામાં અવધાન સર્વસ્પર્શી, તલગ્રાહી અને સર્વાંગી હોય છે. પ્રેમ પારસ એટલે કે સ્પર્શમણિ છે. મારાથી એમ પણ હવે કહી શકાતું નથી, કે હું પ્રેમમાં છું. દ્વૈતની ભાષાનો સ્પર્શ પણ સહેવાતો નથી. શું છે, એની ખબર અમને પડતી નથી એની જાણ માટે ઝંખના પણ અનુભવાતી નથી. જે કંઈ હશે તે હશે.

સંબંધને અરીસો ગણવો ઘટે. વસ્તુની સાથે સંબંધ નિસર્ગની જોડે સંબંધ, અને મનુષ્યોની સાથે સંબંધ. બધા જ સંબંધોમાં પોતાની અંતર્દશાની અભિવ્યક્તિ થયા કરે છે. પોતાની હકીકત પ્રત્યે સાવધાન રહેવું ઘટે એટલે કે પળે પળે જોવું ઘટે. અવધાનની અંતર્મુખતા ધ્યાનની શરૂઆત કહેવાય.

સાચી વાત તો આ છે બહેન, કે જીવનમાં નથી કંઈ 'અંતસ્' અને નથી કંઈ 'બહિસ્'. જીવનનો પ્રવાહ સળંગ છે. વહ્યા જ કરે છે. જીવવામાં રસ પડે છે ત્યારે મરવાનો મર્મ શું એની ગમ પડે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[४३]

११–६–६८

प्रभु के प्रति प्रेम सिखाया नहीं जा सकता। वह तो हो जाता है। मौन प्रेमावस्था का सहज परिणाम है। उस का अभ्यास किया नहीं जा सकता। मैं कोन हूं? मन के तथा शरीर के साथ मेरा क्या संबंध है? जन्म और मृत्यु का अर्थ क्या है? इन बातों का अध्ययन, मनन, चिंतन हो सकता है। जहां तक बुद्धि जा सकती है, वहां उस को ले जाना होगा। बुद्धि शांत हो कर ज़हां विश्राम करती है, वहां प्रेम प्रवेश करता है।

(પ્રભુ પ્રત્યે પ્રેમ શીખવાડી શકાતો નથી, એ તો થઈ જાય છે. મૌન પ્રેમાવસ્થાનું સહજ પરિણામ છે. એનો અભ્યાસ કરી શકાતો નથી. હું કોણ છું? મનની તથા શરીરની સાથે મારો શો સંબંધ છે? જન્મ અને મૃત્યુનો શો અર્થ છે? આ વાતોનું અધ્યયન, મનન, ચિંતન થઈ શકે છે. જ્યાં સુધી બુદ્ધિ જઈ શકે છે ત્યાં સુધી એને લઈ જવી પડશે. બુદ્ધિ શાંત થઈને જ્યાં વિશ્રામ કરે છે ત્યાં પ્રેમ પ્રવેશ કરે છે. તા. ૧૧-૬-૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[४४]

१६–८–६८

जीभ के लिये दूसरा शब्द है रसना। रसना को विविध प्रकार के स्वादों का मज़ा लेना भाता है। शरीर के अनुकूल रस कौनसे यह शोधकर, उन रसों से सम्पन्न भोजन करना, यह समझदारी का मार्ग है। लेकिन, लोग या तो परंपरागत रसोई बनाते रहते हैं या latest fastion की बनाते रहते हैं। कोई नहीं सोचता कि कौनसा भोजन स्वास्थ्यानुकूल है। त्यागी तो रस का एवं रसिकता का त्याग करके, सूके पेड़ जैसे नीरस बन जाते हैं। भोगी और त्यागी दोनों व्यसनी लोग हैं। मानवता का पथ न्यारा है। उस में स्वतंत्र चिंतन का परिश्रम करना पडता है। Readymade recipies or blue prints उस स्वाधीनता के पथ पर नहीं मिलेंगे। आप उस पथ पर चलें, मानवांछित भोजन पायें, व्यवहार सीखें।

(જીભને માટે બીજો શબ્દ છે રસના. રસનાને વિવિધ પ્રકારના સ્વાદોની મજા લેવાનું ભાવે છે. શરીરને અનુકૂળ કયો રસ છે એ શોધીને, એ રસ સંપન્ન કરવું એ સમજદારીનો રસ્તો છે. પરંતુ લોકો કાં તો પરંપરાગત રસોઈ બનાવતા રહે છે અથવા છેલ્લામાં છેલ્લી ઢબની બનાવતા રહે છે. કોઈ એ વિચારતું નથી કે કયું ભોજન સ્વાસ્થ્યને અનુકૂળ છે. ત્યાગી તો રસ અને રસિકતાનો ત્યાગ કરીને સૂકા ઝાડની જેમ નીરસ બની જાય છે ભોગી અને ત્યાગી બંને વ્યસની લોકો છે. માનવતાનો રસ્તો ન્યારો છે. એમાં સ્વતંત્ર ચિંતનનો પરિશ્રમ કરવો પડે છે. તૈયાર માહિતી અથવા નકશા એ સ્વાધીનતાના પથ પર મળશે નહિ. તમે તે પથ પર ચાલો, માનવોચિત ભોજન કરો, વ્યવહાર શીખો. તા. ૧૬–૮–૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૫]

૩૦-૧૧-૬૮

સાચું કહું બહેન, પ્રભુની કે તેઓશ્રીના પ્રેમની કોઈને પડી નથી! બધાં ઇન્દ્રિયસુખમાં અટકયાં છે! મનની માયામાં ભટકવું, રખડવું જ બધાંને ગમે છે! અવારનવાર અધ્યાત્મની વાતો કરવી એ તો સંસારી જીવો cultural entertainment માને છે. મૌન કોઈને ગમે છે ખરું? Non-action માં પ્રતિષ્ઠિત થવું કોઈને ગમે છે, બહેન? સંન્યાસ કે સહજાવસ્થાની તાલાવેલી કોઈને થાય છે ખરી?

પ્રતિક્રમણ, પૂજા, ચૌવિહાર, એકાસણા બધું પરંપરાગત વ્યવહાર છે, વ્યવહાર! કરવું ઘટે, પણ ક્યારે? જ્યારે હૃદયમાં સત્ય સમજવાની ધગશ હોય ત્યારે. સાથે એમ પણ જાણવું ઘટે કે વ્યવહાર અધ્યાત્મથી જુદા હોય છે. અધ્યાત્મમાં ક્રિયાનો પ્રવેશ નથી કે નથી શબ્દનો પ્રવેશ. અધ્યાત્મ છે પ્રશાંત, ગંભીર, મૌન સહજાવસ્થા. એ જ સાચું કર્મ કહેવાય. સહજાવસ્થા એ જ સૌથી મહાન પુરુષાર્થ.

તમે સંસારની માયા સમજી લો, જોઈ લો, સંસાર જેવો બીજો માર્ગદર્શક ક્યાંયે મળવાનો નથી. વૈરાગ્યનો, ઉપશમનો પથદર્શક તો આ વિરાટ સંસાર છે. અંતરથી છૂટા પડવાની વાત છે. દેહ ભલે ન રહે ઘરમાં. દેહની યાત્રા પ્રારબ્ધાધીન રહેવાની જ, રહેવાની; પછી ભોગી હોય કે યોગી. દેહમાં વસતા હોઈએ છતાંયે દેહના દાસ નથી. અમે તો એમ જ જીવીએ છીએ. બધામાં હળીમળીને રહીએ પણ કોઈની પ્રત્યે વળગણ થતી જ નથી. બધું કામકાજ પ્રેમથી પતાવીએ છીએ પણ મૌનના ગર્ભગૃહમાં અકર્મના આસન પર પ્રતિષ્ઠિત રહીએ છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[४६]

११-२-६९

प्रेम में भूलें घुल जाती हैं। जैसे जल में नमक। भूलों को, अपराधों को हमारा आह्वान है। आयें तो देखेंगी कि उन का अस्तित्व मिटकर वे प्रेमरूप बनती हैं।

(પ્રેમમાં ભૂલો ગળી જાય છે, જેવી રીતે પાણીમાં મીઠું. ભૂલોને, અપરાધોને અમારો પડકાર છે. આવશે તો તું જોઈ શકીશ કે એનું અસ્તિત્વ મટીને તે પ્રેમરૂપ બને છે. તા. ૧૧-૨-૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૭]

૨૬-૩-૬૯

સાચી વાત કહું તો પ્રભુ પ્રત્યે આકર્ષણ થવું જોઈએ. બાકી બધું તો પ્રભુ પોતે જ સંભાળી લેતા હોય છે. પોતાની જાત માટે જેટલું ધ્યાન માણસ આપે છે, દેહની સારવાર કરે છે અને મનની સારસંભાળ રાખતા હોય છે, તેટલું ધ્યાન પ્રભુ તરફ સહજભાવે વળગતું થશે ત્યારે માણસ સાધક કહેવાશે. સંસારી માણસ મટીને પ્રેમી સાધક જ્યાં સુધી તારા અંતરમાં જન્મતો નથી, ત્યાં સુધી વાંચવું, સાંભળવું, બેસવું વગેરે ક્રિયાઓનું વિશેષ મહત્ત્વ નથી. બધી ક્રિયાઓ ઓસબિંદુ એકઠાં મેળવીને નહાવાની ઝંખના કેળવવા જેવી નિરર્થક ગણાશે એટલે તું અંતરમાં દૃષ્ટિ લગાડીને જોજે કે પ્રભુ માટે તારા હૃદયમાં ક્યાંયે જગ્યા ખાલી છે ? પ્રભુ તારા હૃદયમાં પગલાં કરવા ઇચ્છતા હોય, જોકે તેઓ તો તૈયાર જ રહેતા હોય છે, તો તેના માટે ક્યાંય Space ખાલી છે ? એમ તો નહિ ને કે બધી જગ્યા અહંભાવે અને મમભાવે જ ઘેરી લીધી છે ? પ્રભુને સ્થાન આપ વહાલી બહેન, આવીને બેસવા દે. એક પળ પણ બેસવા દઈશ તો બેડો પાર ગણી લે. માનવદેહનો અવસર મળ્યો છે તો ઠાલો રખે જવા દેતી.

જ્યારે સત્સંગ માટે તાલાવેલી સારી અખિલાઈમાં રસાઈ જશે ત્યારે ન છૂટકે પ્રભુને તારે દ્વારે આવવું પડશે. આત્માનુભવી વ્યક્તિને તારી પાસે મોકલવી પડશે. આત્માને ઓળખવાની લાગણી વધવા દે. આત્માની ઓળખાણમાં માનવદેહની કૃતાર્થતા છે. એનો બોધ જાગૃત થવા દે. એટલું થવા દઈશ તો તારી દૃષ્ટિ પલટાઈ જશે. બધું અવળું આપમેળે સવળું બની જશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૨–૪–૬૯

આ દિવસોમાં મહારાષ્ટ્રના વારકરી સમ્રાટ તુકારામનો સત્સંગ ચાલી રહ્યો છે. સંતોને માટે તુકારામ કહે છે :

संतांचिये गांवी प्रेमाचा सुकाळ।
नाहीं तळमळ दुःखलेश ॥

(સંત જ્યાં નિવાસ કરે છે ત્યાં પ્રેમ લૂંટાય છે. એટલા માટે બેચેની, દુઃખ અથવા કોઈ પ્રકારનો ક્લેશ ત્યાં પ્રવેશ પામી શકતો નથી.)

संताचें भोजन अमृतांचे पान
करिती कीर्तन सर्वकाळ

संताच्या उद्दीम कीर्तनाचा हाट
प्रेमसुख सर्वा देती घेती।

(નામના અમૃતનું સર્વદા ભોજન પામનારા સંત નામસંકીર્તનની હાટ માંડીને સૌને પ્રેમસુખ વહેંચે છે. આ જ એમનો એકમાત્ર વ્યવસાય હોય છે.)

आलिंगने घडे मोक्ष जोडे सायुज्यता
ऐसा संताचा महिमा झाली बोल्याची सीमा।

(સંત જેમને આલિંગન આપે છે તેઓ મુક્ત તો થઈ જ જાય છે, સાથે સાથે સાયુજ્ય પણ પામે છે. એવો જેનો મહિમા છે તેમની સામે શબ્દ પોતાની અશક્તિ જોઈને મૌન થઈ જાય છે.)

આવા પરાભક્તિસંપન્ન હંમેશાં ઉન્મુક્ત ભાગવતો સાથે મળવા માટે તુકારામ આકુળવ્યાકુળ રહેતા હતા. એમનાં કુલ, ગોત્ર, બિરાદરી એ બધું પ્રેમી વૈષ્ણવો હતા. કહે છે :

माझिया जातिचे मज भेटो कोणी
आवडीची धणी फेडावया
आवडे ज्या हरी अतरा पासुनी
मो सिवाचे मनीं आते माझे

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(હે પ્રભુ, મને મારી નાતજાતવાળા મેળવી આપો. જેમને હૃદયથી તમારી સાથે પ્રેમ હોય એવા પ્રેમી ભક્તોને મળવાની આર્તતા હૃદયમાં ઊભરાય છે.)

तया लागी जीव होती कासावीस
पाहताती वास नयन माझे

(એમને મળવા માટે મારો જીવ તલપાપડ થઈ રહ્યો છે. મારી આંખો એમને માટે પથરાઈ રહી છે.)

सफल हा जन्म होइल विठ्ठला
देतां आलिंगन वैष्णवांसी

(વૈષ્ણવોને હૃદય સરસા ચાંપીશ ત્યારે જ આ જન્મ સફળ-કૃતાર્થ થશે.)

કેમ કૃતાર્થ થશે? ત્યારે તુકારામ કહે છે:

ब्रह्मरस गोडी तयांची फावली
वासना निमाली सकळ त्यांची

(એમની વાસના નિર્મૂળ થઈ ગઈ છે; એઓ જ બ્રહ્મરસનો સ્વાદ જાણે છે એટલા માટે)

तुका म्हणे त्यांचे पायीं पायपांस
होउनिया वास करी न तेथे

(તુકારામ સંતોની પાસે એમની ચરણસેવા કરતાં કરતાં અખંડરૂપે રહેવા ચાહે છે. તમે ત્યાં રહેશો તો તમારાં કુટુંબો, સગાંવહાલાં વગેરે જવાબદારીઓનું શું થશે?)

તુકારામ જવાબ આપે છે:

काम क्रोध आम्ही वाहिले विठ्ठला
धारीती आवडी संतासवे
अतां कोण पाहे मागे परतोनी
गेला हारखोनी देहभाव

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(અમારો દેહભાવ ખોવાઈ ગયો છે. કામક્રોધ તો ક્યારના વિઠ્ઠલને ચરણે ચઢાવાઈ ગયા છે. અમારો અનુરાગ હવે કેવળ સત્સંગમાં રૂઢ છે. હવે પાછું વળીને જોવા જેવું પણ કાંઈ બચ્યું નથી ને? તો પછી તમારી દેહયાત્રા કેમ ચાલશે?)

એના જવાબમાં ભક્તરાજ કહે છે :

प्रारब्ध कलेवर भोगी
आम्हीं साक्षी आहों ब्रह्ममूर्ति

(પ્રારબ્ધ તો આ પાંચભૌતિક કલેવર ભોગવે છે. એમાં બેઠેલા અમે કેવલ સાક્ષી નથી, બલ્કે અમે તો સદેહે બ્રહ્મમૂર્તિ બની ગયા છીએ.)

એટલું જ નહિ, એક ઠેકાણે આ ઐશ્વર્યશીલ પ્રેમી કહે છે :

ब्रह्मरस आमुच्या ओतलासे आंगी
आहों आम्ही स्वये ब्रह्मरूप

(અમારી કાયામાંથી બ્રહ્મરસ છલકાઈ રહ્યો છે. અમે પોતે બ્રહ્મરૂપ છીએ.)

છે ને મઝાનો માણસ! નામદેવની વાણી પણ આવી જ શક્તિ-શાળી છે. સોંસરી ઊતરી જાય છે. સંત એકનાથમાં તો જ્ઞાન ને ભક્તિનો મધુર સંગમ જ હતો. સંત સાંવતા, ચોખા, ગોરા, સેવા, એ સૌ એ જ કક્ષાના આત્મપ્રત્યયથી ભાગવતજનો હતાં. સંત મુક્તા, જના, કાન્હોત્રા, વેણું વગેરે સ્ત્રીદેહધારી ભક્તજનોનાં વચનો પણ અદ્ભુત છે. જેમની ચેતનાને સંતચેતનાનો સ્પર્શ થાય છે, તેમનું જીવન ખરેખર કૃતાર્થ થતું હોય છે, જે પોતાનો હાથ પ્રભુને ઝાલવા દે છે અને પ્રભુ જ્યાં જેવી રીતે દોરે ત્યાં દોરાવા દે છે, જેમ જિવાડે છે તેમ જીવવામાં ધન્યતા અનુભવે છે, તેમનું જીવન કેટલું રસમય બનતું હશે!

વિમલદેહમાં આવી જ રસથી છલકાતી અખિલાઈ શ્વાસ લે છે. જ્ઞાન ત્યાં પ્રેમરસમાં પરિણત થયું ન હોય એમ કોઈકવાર લાગે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૪૯]

તા. ૨૫-૬-૬૯

શરીરનો મોહ રહે છે એટલે શું? શાનો મોહ? શા માટે મોહ? શરીર તો આત્માનું રહેવાનું મકાન. મકાનને મજબૂત અને સુંદર રાખવું ઘટે ખરું. પણ આપણે ક્યારેય એમ નથી કહેતા કે અમે પોતે મકાન છીએ. આપણે મકાનનાં નિવાસી છીએ તેમ જ શરીરનાં પણ નિવાસી છીએ આ વાત સમજમાં આવશે ત્યારે મોહ ખરી પડશે.

સ્વાસ્થ્ય છે તનની મજબૂતી, પવિત્રતા છે મનની મજબૂતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२६-७-६९

'प्रभु तुम्हें शक्ति दे! तुम्हारी कलम में मा शारदा आ वसे! स्याही में प्रेमरस घुल जाय!

मेरी बहन, मैं तुम्हारा समग्र विकास चाहती हूँ। आत्मरति तुम्हारे व्यवहार में प्रगट हो! भटकना छूटकर चित्त स्थिर हो! दृष्टि गंभीर बने! वाणी में शांति ओतप्रोत हो! कर्मव्यापार में गहराइ आवे! यह चाहती हूं।

अनावश्यक बोलना, चलना, घूमना, अब शांत हो जाय। समय मिले तब तब आंखें बंध कर ध्यानावस्था में बैठा जाय। भजन गाना कुछ समय तक वंध रखा जाय। क्यों कि उससे तुम्हारी भावनाऐं जागृत होती हैं। भजन के शब्दों का तुम्हें नशा चढता है। यह ध्यान में बाधक है।

(પ્રભુ તને શક્તિ આપે. તારી કલમમાં મા શારદા આવી વસે. શાહીમાં પ્રેમરસ ભળી જાય.

મારી બહેન, હું તારો સમગ્ર વિકાસ ચાહું છું. આત્મરતિ તારા વ્યવહારમાં પ્રગટ થાય. ભટકવું છૂટીને ચિત્ત સ્થિર થાય. દૃષ્ટિ ગંભીર બને. વાણીમાં શાંતિ ઓતપ્રોત થાય. કર્મવ્યાપારમાં ઊંડાણ આવે એ ચાહું છું.

અનાવશ્યક બોલવું, ચાલવું, ફરવું હવે શાંત થઈ જાય. સમય મળે ત્યારે આંખો બંધ કરીને ધ્યાનાવસ્થામાં બેસવું. ભજન ગાવાનું થોડા સમય માટે બંધ રાખવું; કારણ કે એથી તારી ભાવનાઓ જાગૃત થાય છે. ભજનના શબ્દોનો તને નશો ચઢે છે. એ ધ્યાનમાં બાધક છે. તા. ૨૬-૭-૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫૧]

६-८-६९

पत्र पाया। परम की प्यास का दिव्य वरदान आप को प्राप्त हुआ। आप भाग्यशाली हैं। प्राप्ति की आकांक्षा परम की दिशा में प्रथम चरण है।

परम सत्य घट की भीतर ही समाया है। प्राणों का प्रीतम, प्राणों के पीछे मौन में, परदे में, छिपा हुआ है। उसे पाने का रास्ता बाहर की ओर नहीं, भीतर की ओर है। उसे खोजने के साधन स्थूल सृष्टि में नहीं, इन्द्रियातीत अव्यक्त सृष्टि में हैं। मेरे भाई, यह यात्रा साहस माँगती है। एकांत माँगती है। उस यात्रा में कोई साथी-संगी नहीं होंगे। तन का और मन का साथ भी छोड देना पड़ेगा। प्राणों की गति पर आरूढ हो कर नाभि से ब्रह्मरन्ध्र तक चलना पड़ेगा। यह जगत की ओर से मुख फैर कर आत्मा की ओर एकाकी प्रस्थान की तैयारी हो, तो मार्ग बतलाने में कोई दिक्क़त नहीं है। आज तक उस यात्रा पर जो भी व्यक्ति चल पड़ा, उस को बहुत सहना पड़ा है। पहला संघर्ष परिवार में पैदा होता। चाहे माता-पिता से हो, चाहे पति-पत्नी-पुत्र से हो। संपत्ति और जनप्रतिष्ठा का रास्ता छोड़ कर आत्मरति के पीछे पागल हो कर बैठनेवाले को उस के स्वजन संबंधी समज नहीं पावें। दूसरा संघर्ष आप्तेष्ठ मित्रों की ओर से उपस्थित किया जाता है। एकाकी, आत्मलक्षी, साधक को वे संघर्ष कराते हैं।

समाजजीवन के लिये नालायक। उस के बाद लोकनिंदा। और लोकापवाद, तूफ़ान उठते हैं। क्या इन सब में से गंभीरतापूर्वक गुज़रने की शक्ति तन में और मन में है? शक्ति और साहस हो तो मार्गदर्शन मिलना मुश्किल नहीं।

(પત્ર મળ્યો. પરમની પ્યાસનું દિવ્ય વરદાન તને મળ્યું. તું ભાગ્યશાળી છે પ્રાપ્તિની આકાંક્ષા પરમની દિશામાં પ્રથમ પગલું છે પરમ સત્ય શરીરમાં જ સમાયેલું છે. પ્રાણોનો પ્રીતમ પ્રાણોની પાછળ મૌનમાં, પરદામાં છુપાયેલ છે. એને પામવાનો રસ્તો બહારની બાજુ નથી, અંદર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એને શોધવાનાં સાધન સ્થૂલ સૃષ્ટિમાં નથી. ઇન્દ્રિયાતીત અવ્યક્ત સૃષ્ટિમાં છે. મારા ભાઈ, આ યાત્રા સાહસ માંગે છે, એકાંત માંગે છે. એ યાત્રામાં કોઈ સંગી, સાથી નહિ હોય. શરીરનો અને મનનો સાથ પણ છોડી દેવો પડશે. પ્રાણની ગતિ પર આરૂઢ થઈને નાભિથી બ્રહ્મરંધ્ર સુધી ચાલવું પડશે. આ જગત તરફથી મુખ ફેરવીને આત્મા તરફની એકાકી પ્રસ્થાનની તૈયારી હોય તો માર્ગ બતલાવવામાં કોઈ મુશ્કેલી નથી. આજ સુધી એ યાત્રા પર જે પણ વ્યક્તિ ચાલી છે એમને ઘણું સહેવું પડ્યું છે. પહેલો સંઘર્ષ કુટુંબમાં પેદા થાય છે. ચાહે તે માતાપિતાથી હોય; ચાહે પતિ, પત્ની, પુત્રથી હોય. સત્તા, સંપત્તિ અને જનપ્રતિષ્ઠાનો રસ્તો છોડીને આત્મરતિની પાછળ પાગલ થનારાઓને એનાં સ્વજન, સંબંધી સમજી નહિ શકે. બીજો સંઘર્ષ અંતરંગ મિત્રો તરફથી ઉપસ્થિત કરવામાં આવે છે. એકાકી આત્મલક્ષી સાધકને તેઓ સંઘર્ષ કરાવે છે.

સમાજજીવનને માટે બિનલાયક. એના પછી લોકનિંદા અને લોકાપવાદ તોફાન જગાડે છે. શું આ બધામાંથી ગંભીરતાપૂર્વક પસાર થવાની શક્તિ તનમાં અને મનમાં છે? શક્તિ અને સાહસ હોય તો માર્ગદર્શન મળવું મુશ્કેલ નથી તા. ૬–૮–૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫૨]

૧૮–૯–૬૯

सत्संग है अहं के सहज विगलित होने की शुभ घड़ी, यदि संत के पास अहं विगलित न हुआ तो संसार में और कहीं भी न होगा।

(સત્સંગ છે અહંને પીગળવાની શુભ ઘડી. જો સંતની પાસે અહં ના પીગળે તો સંસારમાં બીજે ક્યાંય ન થાય.)

બહેન, સંસારમાં જ્યાં સુધી રસ પડે ત્યાં સુધી સાવધાનીથી કેમ વર્તી શકાશે? અહંને સંસારનાં સુખ–દુઃખો ગમતાં હોય, હસવું–રડવું ગમતું હોય તો ઘર્ષણો ઊભાં થવાનાં જ. મનની સમતુલા ઘર્ષણમાં સચવાશે નહિ એટલે બીજી વાત—ફરીફરીથી જુઓ કે, કયા વિષયમાં મનને રસ છે? શું ઇચ્છે છે મન?

प्रभु जो करते हैं उस में मेरा कुछ कल्याण शुभ होगा यह श्रद्धा हो जाय, हम लोग निमित्त हैं, जिसकी मारफ़त परमात्मा अपना खेल खलते हैं। यह श्रद्धा हो जाय तो अहंता शांत हो जाती है। प्रभु आपको इस श्रद्धा का वरदान दे।

(પ્રભુ જે કરે છે તેમાં મારું કાંઈ કલ્યાણ અને શુભ હશે જ તેવી શ્રદ્ધા થઈ જાય. અમે તો નિમિત્ત છીએ જેની મારફત પરમાત્મા પોતાનો ખેલ ખેલે છે. આ શ્રદ્ધા થઈ જાય તો અહં શાંત થઈ જશે. પ્રભુ તમને આવી શ્રદ્ધાનું વરદાન કરે.)

रीत प्रीत की अग्निशिखासम
उँचे उँचे जावन की
रीत प्रीत की सागरतलसम
गहरे गहरे वावन की
रीत प्रीत की कोमलजलसम
अनबाले मल:धोवन की

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

रीत प्रीत की निर्मल नभसम
बिन बोले संग सोवन की
रीत प्रीत की विमलहृदयसम
प्रेमपुलकमय जीवन की
रीत प्रीत की विमलहृदयसम
हर पल भश्कर जीवन की

Five more weeks and I shall be back with you. Now I am eager to get back to India. Somehow I can't live away from India for more than four months. The serene mountain and the sober lakes call me back. The woods haunt my dreams. The quietness of mountain life, the simple people and the friendly cool breezes call me passionately. I do not belong to the cities and their civilization.

(બીજાં પાંચ અઠવાડિયાંમાં હું પાછી આવીશ અને તમારી સાથે હોઈશ. હવે હું ભારત આવવા આતુર છું. કોણ જાણે કેમ હું ભારતથી ચાર માસથી વધુ સમય દૂર રહી શકતી નથી. શાંત ગિરિમાળાઓ અને સૌમ્ય સરોવર મને પાછા ફરવાનો કોલ આપે છે. વનો મારાં સ્વપ્નોમાં વારંવાર આવ્યાં કરે છે. પહાડી જીવનની શાંતિ, સાદા-સીધા લોકો અને મૈત્રીભરી પવનલહરીઓ મને પોકારે છે. હું નગરો અને તેની સંસ્કૃતિની વતની નથી. તા. ૧૮-૯-૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫૩]

૨૯–૯–૬૯

નિર્ભયતાથી રહેવામાં મુક્તિનો આનંદ છુપાયેલો છે ભય એ જ બંધન. સત્યનિષ્ઠા તો અભયની આડનીપજ કહેવાય. અભયમાં રહેજો.

[૫૪]

તા. ૨૩–૧૦–૬૯

આજે આવી જ લહેર છે કે આખું વિશ્વ જાણે મારા ખોળામાં ન હોય ! મારા પત્રોથી આનંદ જરૂર મળતો હશે કેમ કે અક્ષરોનાં પરિધાનો પહેરીને હું પોતે જ તમારી પાસે આવું છું. પ્રેમકાયા અતિસૂક્ષ્મ હોય છે. પ્રેમકાયા માટે દેશકાળની મર્યાદા લાગુ પડતી નથી. મારું પત્રલેખન એટલે પ્રેમયાત્રા.

[૫૫]

૨૯–૧૦–૬૯

સંસારથી સુખેચ્છા રહે છે. લગભગ સૌ કોઈના હૈયામાં. સંસાર બંધન નથી. સુખેચ્છા બંધન પેદા કરે છે. શરીરનિર્વાહ ચલાવવા માટે ધન મેળવવામાં કે ખરચવામાં બંધન છે જ નહિ. પણ પરિગ્રહની અભિલાષા અનંત બંધનોની માયા પેદા કરે છે. 'More and More and More' એ જ જાણે જીવનમંત્ર ન બનતો હોય. ખોજ કરવી જોઈએ. વાસનાનું દુષ્ટ ચક્ર સમજવું જોઈએ. પછી મધ્યસ્થભાવ સહજસહજ જનમશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫૬]

2-11-69

The more you live in the source of your being, the more you move. The principle of life is infinite motion. Totality moves in deep silence. Silence creates. Truth explodes. Love purifies. Beauty sings through one's being. A person becomes a living flute through which life vibrates.

(તમે જેમ જેમ તમારા સ્વરૂપના મૂળમાં વધુ જીવતા જાઓ તેમ તેમ તમારી ગતિ વધતી જાય. જીવનનો સિદ્ધાંત અનંત ગતિ છે. ગહન શાંતિમાં અખિલાઈની ગતિ છે. શાંતિમાં સર્જન થાય છે. સત્યમાં વિસ્ફોટ થાય છે. પ્રેમ વિશુદ્ધિ કરે છે. સૌંદર્યનું ગાન સ્વરૂપમાંથી વહે છે. માનવ જીવંત બંસરી બની જાય છે, જેમાંથી જીવન સ્પંદિત થાય છે.)

સંસારમાં સાધક રહે છે મધ્યસ્થ દૃષ્ટિથી. તે દૃષ્ટિ કેળવવી ઘટે. સંસારના અન્ય લોકોનાં મૂલ્યોથી આપણાં મૂલ્યો સાવ જુદાં છે એની ખબર લોકોને આપણા વ્યવહારથી મળવી જોઈએ. સંસારથી સુખેચ્છા રાખનારાઓનો વ્યવહાર ને તમારો વ્યવહાર એક રહેવાનો હોય તો સાધક ક્યારે બનવાના છો એ મને કહો તો ખરા.

मेरे शरीर की जरा भी चिंता मत करना। यह प्रभु-समर्पित काया वास्तव में है प्रभु की छाया। प्रभु को छोड़ छाया रहती नहीं। जब प्रभु छाया की माया को समेटना चाहेंगे बहुत प्यार से समेट लेंगे। और प्रभु के आलिंगन में विसर्जित होने में ही तो कृतार्थता है।

यह जीवन जीने में आनंद ही आनंद है। शान से मरने में भी आनंद ही आनंद है। जीयेंगे तो प्रेमीओं का संग है; मरेंगे तो प्रेमेश्वर का रंग है।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

हमारे तो प्रेम का, मिलन का, मैत्री का, मधुर महोत्सव ही प्रतिक्षण चलता रहता है! भाई, एक मंगलयात्रा ही चलती रहती है। इस लिये हमारी चिंता करने में जीवन नष्ट नहीं करना।

(મારા શરીરની જરા પણ ચિંતા ના કરશો. આ પ્રભુસમર્પિત કાયા વાસ્તવમાં છે પ્રભુની છાયા. પ્રભુને છોડીને છાયા રહેતી નથી. જ્યારે પ્રભુ છાયાની માયાને સમેટવા ચાહશે ત્યારે બહુ જ પ્યારથી સમેટી લેશે અને પ્રભુના આલિંગનમાં વિસર્જિત થવામાં તો કૃતાર્થતા છે.

આ જીવન જીવવામાં આનંદ જ આનંદ છે શાનથી મરવામાં પણ આનંદ જ આનંદ છે. જીવીશું તો પ્રેમીઓનો સંગ છે, મરીશું તો પ્રેમેશ્વરનો રંગ છે.

અમારે તો પ્રેમનો, મિલનનો, મૈત્રીનો મધુર મહોત્સવ જ પ્રતિક્ષણ ચાલતો રહે છે. ભાઈ! એક મંગળયાત્રા જ ચાલતી રહે છે માટે અમારી ચિંતા કરવામાં તમારું જીવન નષ્ટ ન કરશો. તા. ૨-૧૧-૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[५७]

२८–२–७०

जन्म की घड़ी से मरण की छाया में जीवन पलता है। उसका गणित इस देह के जन्म के साथ ही तैयार रहता है! जिस को मरण की संगत का ख़याल है, वही जीवन का मर्म समझ पाता है। तटस्थता वृत्ति नहीं है, वह एक दृष्टिकोण है, जो वृत्ति–निवृत्ति के झमेले से मनुष्य को मुक्त कर देता है। फल की आसक्ति गई हो तो अच्छा हुआ। करने और न करने का आग्रह भी विलीन हो जाय तब संतोष होगा। एक बात याद रखना। शब्दों के द्वारा वस्तुस्थिति अनावृत होती है, वैसे आवृत भी होती है। अहंकार बड़ा कुशल और चतुर वकील है। वह वाणी का उपयोग अपने आप को छिपाने के लिये न करे, वस्तुस्थिति पर कल्पना के वस्त्र न चढ़ाये, इस की ओर अवधान रहना चाहिये। जैसी ही वैसी बिना दिखावे के, बिना छिपा के, बिना आत्मश्लाघा तथा आत्मनिन्दा के जिस दिन मेरे समक्ष उपस्थित हो सकोगी उस दिन प्रेम का अर्थ समझ में आयेगा। समर्पण का रहस्य उस दिन आंखों के सामने खुलेगा।

(જન્મની ઘડીથી મરણની છાયામાં જીવન વિકસે છે. એનું ગણિત આ દેહના જન્મ સાથે જ તૈયાર રહે છે. જેને મરણની સંગતનો ખ્યાલ છે એ જ જીવનનો મર્મ સમજી શકે છે. તટસ્થતા વૃત્તિ નથી, તે એક દૃષ્ટિકોણ છે, જે વૃત્તિ–નિવૃત્તિના ઝમેલાથી મનુષ્યને મુક્ત કરી દે છે. ફળની આસક્તિ ન જ હોય તો સારું થયું. કરવા, ન કરવાનો આગ્રહ પણ વિલીન થઈ જાય ત્યારે સંતોષ થશે. એક વાત યાદ રાખજો. શબ્દો દ્વારા વસ્તુસ્થિતિ અનાવૃત થાય છે એમ આવૃત પણ થાય છે. અહંકાર ઘણો કુશળ અને ચતુર વકીલ છે. એ વાણીનો ઉપયોગ પોતાને છુપાવવા માટે ન કરે, વસ્તુસ્થિતિ પર કલ્પનાનાં વસ્ત્રો ન પહેરાવે. આના ઉપર અવધાન રહેવું જોઈએ. જેવી છું તેવી દેખાડ્યા વગર, છુપાવ્યા વગર, આત્મશ્લાઘા તથા આત્મનિંદા વગર જે દિવસે મારી સામે ઉપસ્થિત થઈ શકીશ ત્યારે પ્રેમનો અર્થ સમજાશે. સમર્પણનું રહસ્ય એ દિવસે આંખોની સામે ખૂલશે. તા. ૨૮–૨–૭૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૫૮]

૧૬-૮-૭૦

જ્યારે આત્મદર્શનની ઝંખના હચમચાવી નાંખે છે ત્યારે શુભ સંસ્કાર જાગૃત થયા એમ સમજવું ઘટે. અહંતાની પૂજા એટલે સંસારની માયા. નિરહંકારી નમ્રતા એટલે પરમાર્થનો ઉદય. અહં અને મમતા હંમેશા સાથે જીવતાં હોય છે. ઈર્ષા, દ્વેષ, ક્રોધ વગેરે તો મમતાની આડનીપજ કહેવાય. ઈર્ષાનું સાક્ષીત્વ તારામાં જાગૃત થયું છે, અહંતાને બોધ જાગૃત થયો છે. આજે આટલું બસ છે. સત્સંગમાં, સ્વાધ્યાયમાં રહેવાનું થશે તો બધા દોષો આપમેળે ખરી પડશે. તું દોષચિંતનમાં ફસીશ નહિ હાં બહેન, સ્વદોષચિંતનમાંથી આત્મદયા ઊપસી આવશે. આત્મદયા ચિત્તને ક્ષીણુ બનાવે છે. તું ક્ષીણુતામાં લપસીશ નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[५९]

१८-९-७०

सद्गुरु तो तेरे हृदय में बैठा है। तेरे भीतर से प्रतिक्षण आत्मा की जो आवाज़ उठती है, वह है गुरुचरण। निर्भयता से उस आवाज़ पर चलना ही गुरुचरण पकड़ना है। मां! सद्गुरु बाहर कहाँ खोजेगी रे? भीतर देख। अंतर की पुकार सुनना सीख ले।

लज्जा, भय, संकोच ये सब अहंकार् के रूप हैं।

किसी विषय की नितांत उत्कटता चित्त में आर्तता पैदा करती है। तब उस का फल शीघ्र ही प्रगट होता है। संतजनों का जीवन देखोगी तब इस सूत्र की यथार्थता ध्यान में आयेगी।

(સદ્‌ગુરુ તો તારા હૃદયમાં બેઠા છે. તારામાંથી પ્રતિક્ષણ આત્માનો જે અવાજ ઊઠે છે તે છે ગુરુચરણ. નિર્ભયતાથી એ અવાજ પર ચાલવું એ જ ગુરુચરણને પકડવાની રીત છે. મા! સદ્‌ગુરુને બહાર ક્યાં શોધીશ? અંદર જો. અંદરનો અવાજ સાંભળવાનું શીખી લે.

લજ્જા, ભય, સંકોચ, એ સઘળાં અહંકારનાં રૂપ છે.

કોઈ વિષયની નિતાંત ઉત્કટતા ચિત્તમાં આર્તતા પેદા કરે છે ત્યારે એનું ફળ તુરત જ પ્રગટ થાય છે. સંતજનોનું જીવન જોઈશ ત્યારે આ સૂત્રની યથાર્થતા ધ્યાનમાં આવશે)

ધ્યાનમાં માનસિક તનાવ તો ના રહેવો જોઈએ. ધ્યાન એટલે નિર્વિચાર અવસ્થામાં પ્રવેશ પામવાની કળા. ધ્યાન સાથે તનાવનો સંબંધ નથી, એટલી સૂચના ગ્રહણ કરશોજી. ઉત્કટ જિજ્ઞાસા તન-મનની શક્તિ વધારે છે. જિજ્ઞાસાની પાવક જ્વાળામાં બધો જ મળ બળતો હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૬૦]

21-9-70

Dear ! I am with you and within you. Never feel lonely, never depressed. In your joys and sorrows I am beside you. In life and death I am beside you to hold your hand.

My dear, yours is the path of love. Love is a state of being in which there is dignity of Peace, ecstasy of Bliss. Peace without bliss is dead.

Bliss without peace is perversion.

Unless one is rooted in that dimension of spontaneous peace and bliss, one shall not understand Love. Love which was manifested by Jesus, Buddha, Gauranga, Ramkrishna or Raman.

Take advantage of the solitude which your illness has conferred on you. Spend as much time in silence as possible. Do not verbatise experiences. Just go through them with deep humility.

(પ્રિય! હું તમારી સાથે છું ને અંતરમાં પણ છું. ક્યારેય એકલતા લાગવા ન દેશો, હતાશ ન થશો. તમારા આનંદમાં અને શોકમાં હું તમારી સાથે છું. જીવન અને મૃત્યુમાં તમારો હાથ પકડવા હું તમારી સાથે જ છું.

મારા વહાલા, તમારો પથ પ્રેમનો છે. પ્રેમ એક અવસ્થા છે જેમાં શાંતિની પ્રતિષ્ઠા છે, આનંદની ચરમ સીમા છે. આનંદ વિનાની શાંતિ એ નિર્જીવ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાંતિ વિનાનો આનંદ એ વિકૃતિ છે.

જ્યાં સુધી મનુષ્ય સહજ શાંતિ અને આનંદના પરિમાણમાં પ્રતિષ્ઠિત થયો નથી હોતો ત્યાં સુધી તેને પ્રેમ સમજાતો નથી કે જે પ્રેમની અભિવ્યક્તિ જિસસ, બુદ્ધ, ગૌરાંગ, રામકૃષ્ણ અથવા રમણે કરી છે.

તમારી માંદગીએ તમને જે એકાંત બક્ષ્યું છે તેનો સદુપયોગ કરો. બની શકે તેટલો અધિક સમય મૌનમાં વિતાવો. અનુભવોને શબ્દાંકિત ન કરો. ઊંડી વિનમ્રતાથી તેમાંથી પસાર થાઓ. તા ૨૧–૯–૭૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૬૧]

તા. ૨૨-૯-૭૦

સત્યનિષ્ઠા તમોને તારશે. સત્યનિષ્ઠામાંનો દીપ અંતસમાં પેટાવો. પછી ધ્યાનના સમયમાં જે વિચારો આવ્યા કરે છે તે પોતે જ શાંત થઈ જશે. બીજું શું લખું? હું પ્રેમ કરતી નથી. પ્રેમ મને જિવાડે છે; મારામાં અધિષ્ઠિત થઈ આપમેળે બધાં જોડે વર્તે છે. પ્રેમ એટલે અસીમ આત્મીયતા. પ્રેમ એટલે જીવતુંજાગતું અદ્વૈત અદ્વૈત એટલે એકતા અને અનેકતાનું નિરાકરણ. કેમ કરીને શબ્દોમાં વ્યક્ત કરું? શબ્દો સાવ ગુંગા બનીને મારી સામે જોયા કરે છે.

જાગૃત રહી વ્યવહારમાંથી પસાર થવું ઘટે. પરિગ્રહ એટલે વ્યવહારમાં રચવું-રાચવું. અપરિગ્રહ એટલે પ્રારબ્ધપ્રાપ્ત સંયોગોમાંથી સભાનતાપૂર્વક પસાર થવું. સુખમાં હસવું અને દુઃખમાં રડવું આપણને પોષાશે નહિ. માન-અપમાન, હર્ષ-શોક આદિ દ્વન્દ્વોમાં અટકી જવા માટે આપણી પાસે સમય છે જ ક્યાં? એટલે તમે આત્મભાનમાં જીવતા થાઓ. આત્મદશા એ જ અખંડ જાગૃતિ. જાગૃત થશો ત્યારે મને ઓળખશો, ત્યારે પામશો કે આત્મસત્તામાં હું-તુંનો ભેદ જ નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૬૨]

15-11-70

You have witnessed three deaths in the last seven months. Encounter with death awakens the person from the illusion of Sansar. Wake up! wake up! Spend more time in the company of Nature, Silence and True Enquiries. Do not waste life any more in unnecessary gossips, social calls and the so-called responsibilities. The primary responsibilities is towards your own awakeniny.

(છેલ્લા સાત માસમાં તમે ત્રણ મૃત્યુના સાક્ષી બન્યા. મૃત્યુનો પરચો વ્યક્તિને સંસારના ભ્રમમાંથી જગાડે છે. જાગો! જાગો! કુદરત, મૌન અને સાચાં જિજ્ઞાસુઓના સંગમાં તમે વધુ સમય આપો. વ્યાવહારિક માંગણીઓમાં, બિનજરૂરી ગપસપમાં તમારું જીવન જરાય વેડફાવા દેશો નહિ. તમારી સૌપ્રથમ જવાબદારી તો તમારા જાગરૂક થવા પ્રત્યે છે.)

સંસારનાં બધાં કર્મો સાવધાન થઈ કરવાનાં અને અંતરમાં પ્રભુનું રટણ ચાલુ રાખવાનું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[૬૩]

૩–૧૨–૭૦

કોઈના જીવનવહેણુ વિષે વિચાર કરવાનો તને શો અધિકાર? મા, તું એક વાત ચોક્કસ સમજી લેજે કે બીજાના જીવન તરફ દૃષ્ટિ જવામાં તારું પારાવારનું નુકસાન થઈ આવશે. એક સંભાવના તો આત્મપ્રૌઢિની કે "મારું જીવનવહેણુ બદલાયું છે, આધ્યાત્મિક છે અને બીજાનું નથી." અહં પોષાતું જશે, ખીલતું જશે અને તને તેની ગતાગમ પણુ પડશે નહિ. બીજી સંભાવના દયા, સહાનુભૂતિ આદિ ભાવના–વિલાસની. મનને થશે કે હું કોઈને મદદ કરું છું. જ્યાં સુધી પોતે નિર્ગ્રંથ અવસ્થામાં પહોંચશે નહિ ત્યાં સુધી બીજાને મદદ કરવાનો અધિકાર પ્રાપ્ત થશે નહિ એટલે દૃષ્ટિ આત્મલક્ષી રહેવા દેજે, પરલક્ષી નહિ. 'અપૂર્વ અવસર' યાદ છે, બહેન? –એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા, પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१८-१-७१

संत के शब्द ही उस के चरण,:-उन चरणों का सेवन-सत्संग या संतसंग। वह न होने पर शारीरिक सहवास अखंड रहा तो भी व्यर्थ हो जाता है।

आत्मिक मिलन बांधता नहीं। अहम् का स्नेह बांधता नहीं, मेरे भाई। बांधता तो है हेतु। बांधती है अपेक्षा। मानव-मानव के बीच का निरपेक्ष अहैतुक प्रेम तो संजीवक रसायन है।

और एक बात कहुं? हर व्यक्ति के प्राणों में मैं आंदोलित हूँ' श्वासों में कंपित हूँ, रक्त के हर बुंद में मैं प्रवाहित हूँ। हर नेत्र में मैं ज्योति हूँ, अस्तु।

(संतना शब्दो ज एमनां चरण छे. ए चरणोनुं सेवन = सत्संग अथवा संतसंग. आ न होय तो शारीरिक सहवास अखंड रह्यो होय तोपण व्यर्थ जाय छे.

આત્માનું મિલન બાંધતું નથી. અહેતુકનો સ્નેહ બાંધતો નથી, મારા ભાઈ! બાંધે છે તો હેતુ, બાંધે છે તો અપેક્ષા માનવ-માનવ વચ્ચેનો નિરપેક્ષ અહેતુક પ્રેમ તો સંજીવન રસાયણ છે. હું કહું છું જીવન એક અણમોલ વહેતી ધારા છે. મંજિલના પ્રેમીઓમાં અહીં ગુજારો નથી, એમ મારે માટે એક જગ્યાએ એવું મેં કહ્યું હતું.

બીજી એક વાત કહું ? દરેક વ્યક્તિના પ્રાણોમાં હું આંદોલિત છું, શ્વાસોમાં કંપિત છું, રક્તના દરેક બુંદમાં પ્રવાહિત છું, દરેક નેત્રમાં જ્યોતિ છું. તા. ૧૮-૧-૭૧)

卐

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રી વિમલાબહેનનાં અન્ય ગુજરાતી પુસ્તકો

નિજાનંદનો વિસામો રૂ. ૨૫-૦૦

'ધ્યાન એ જીવનનો એક માર્ગ છે; અને એ સમગ્ર જીવનની પદ્ધતિ છે. આપણે એ ધ્યાનપદ્ધતિ સાથે બાંધછોડ અને સમાધાન નથી કરી શકતાં, કાં તો તમે એ માર્ગે જીવો છો. 'અથવા નથી જીવતા.'

અનંતને સથવારે રૂ. ૩-૦૦

વિમલા : પણ મારે વિતરાગનો અર્થ જાણવો છે.

કૃષ્ણમૂર્તિ : ઋજુ થવું એટલે વિતરાગ થવું, પોતાની મર્યાદાઓનું ભાન થવું એ જ વિતરાગતા જ્ઞાન એ રાગાતીત હોય છે, નહીં ?

ધ્યાન રૂ. ૧-૨૫

ધ્યાન એ ચેતનાનું પરિણામ છે, જેમાં ઉત્સર્ગ છે એ જીવનનો માર્ગ બની રહે છે ... જેમાં બધા જ માણસો ઉત્થાન પામી શકે છે.

મનની ક્ષિતિજ રૂ. ૧-૭૫

યુરોપના માનસશાસ્ત્રીઓ સમક્ષ મનની ઓળખ આપતાં અને તેની મર્યાદાઓ સ્પષ્ટ કરતાં આપેલાં પ્રવચનો અને ચર્ચાઓ.

હેતની હેલી રૂ. ૩-૫૦

મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારની રમણાઓને આલેખતાં અને આધ્યાત્મ-જીવનનાં અનેક પાસાનું નિરૂપણ, કરતાં કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં આપેલાં પ્રવચનો.

જીવન ગંગોત્રી રૂ. ૩-૫૦

જીવનયાત્રાના પથ પર પ્રકાશ પાથરતાં પ્રવચનો.

માર્ક્સ-માઓ-ગાંધી [પછી શું ?] રૂ. ૧-૭૫

લોકક્રાંતિના ત્રણ આચાર્યોની મૂલગત વિશેષતાઓ અને પાયાની વિચારણાઓ આ પુસ્તિકામાં સમગ્રતા અને સંવાદિતાથી રજૂ થઈ છે.

સાથે ચાલો રૂ. ૨-૨૫

ગુજરાતમાં વિમલાબહેનનું મિત્ર વર્તુળ વધતું ચાલ્યું છે. એ સૌ મિત્રો અંતરસાધનાના પથે બહેનની સાથે કેવી રીતે ચાલી શકે તેવું સુરેખ માર્ગદર્શન.

બાલગોવિંદ પ્રકાશન ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧

Dr. Urmila Sharma Collection, Varanasi